


Saturday, 10 January 2026

પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः ॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com


દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૧ ● સંવત-૨૦૮૨ પોષ વદ સાતમ ● Web: www.vartmanpravah.com  vartmanpravah  @VartmanPravahD



માત્ર કરુણા, પ્રેમ અને શાંતિના માર્ગે જ માનવજાતનો ભવિષ્ય જળવાઈ શકે છે.
-મહાત્મા ગાંધીજી

### સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલની ત્રિ-દિવસીય દાનહ મુલાકાત દરમિયાન

# સંઘપ્રદેશ પ્રશાસનના મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર, નાગરિક સુવિધાનો વિસ્તાર તથા સર્વાંગી વિકાસ પ્રત્યે પ્રતિબદ્ધતાના દર્શન



## નમો હોસ્પિટલ, નમો કોલેજ તથા આયુષ હોસ્પિટલ-પાટી સહિત વિવિધ રસ્તાઓ, સ્કૂલ અને સ્ટેડિયમ તથા ફ્લાય ઓવરબ્રિજ વગેરેનું પણ પ્રશાસકશ્રીએ ખુબ જ બારીકાઈથી નિરીક્ષણ કરી આપેલી જરૂરી સૂચનાઓ


















(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૦૯

સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે દાદરા નગર હવેલીની મુલાકાતના બીજા દિવસે આજે વિવિધ વિકાસ પરિયોજનાઓની પ્રગતિ અને સ્થળના નિરીક્ષણના અભિયાનને આગળ ધપાવ્યું હતું. આજે પ્રશાસકશ્રીએ નમો હોસ્પિટલ, ફેઝ-ર સાઈટ, ડી-બ્લોક ગ્રાઉન્ડ ફ્લોર, પાંચમો અને છઠ્ઠો માળ, લાયન્સ સ્કૂલ પાસે ફ્લાય ઓવરબ્રિજ, સાયલી સ્ટેડિયમ, એસ.પી. ઓફિસ કોમ્પ્લેક્સ, એડમિન બ્લોક, નમો મેડિકલ કોલેજ, હોસ્ટેલ બિલ્ડીંગ, ક્લબ હાઉસ, નર્સિંગ કોલેજ, નર્સિંગ હોસ્ટેલ, સાયલી-રખોલી રોડ, સાયલી પોલીસ સ્ટેશન વગેરેનું નિરીક્ષણ કર્યું હતું.

બપોર બાદ પ્રશાસકશ્રી પ્રફુલભાઈ પટેલે દાદરા નગર હવેલી જિલ્લામાં સામવરણી પંચાયત ઘર, સામવરણી-રખોલી રોડ, મસાટ સ્કૂલ, રખોલી સ્કૂલ, રખોલી બ્રિજ, રખોલી બ્રિજથી વાસોણા જંકશન, વાસોણા જંકશનથી પાટી રોડ આયુષ હોસ્પિટલ, સાતમાલિયા એન્ટ્રેસ ગેટ, ખડોલી જંકશન, ખડોલી-ખાનવેલ રોડનું પણ નિરીક્ષણ કર્યું હતું.

સંઘપ્રદેશના પ્રશાસકશ્રીની મુલાકાત પ્રદેશના તમામ જિલ્લામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુદૃઢ કરવા નાગરિક સુવિધાનો વિસ્તાર તથા સમગ્ર વિકાસ પ્રત્યે સંઘપ્રદેશ પ્રશાસનની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

# દમણના જિલ્લા અને સત્ર ન્યાયાધિશ આર.કે. તિવારીએ ઈજ્જતભંગ કરવાના ગુનામાં આરોપીને દોષિત ઠેરવી ત્રણ વર્ષની જેલની સજાનો સંભળાવેલો ચુકાદો



આરોપી સુનિલ કુમાર

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૦૯

દમણની જિલ્લા અને સત્ર ન્યાયાલયમાં છેલ્લા બે વર્ષ કરતા વધુ સમયથી ચાલી રહેલ એક સામૂહિક બળાત્કારના પ્રયાસના ગુનામાં સુનાવણી બાદ આજે વિદ્વાન ન્યાયાધિશ શ્રી આર.કે. તિવારીએ આરોપી સુનિલકુમાર શ્રીરામ અવતારને સામૂહિક બળાત્કારના પ્રયાસના ગુનામાં રાહત આપી ઈજ્જતભંગ માટે દોષિત ઠેરવી અલગ-અલગ કલમો હેઠળ ત્રણ વર્ષની જેલ અને ૧૫ હજારના દંડની સજાનો આદેશ કર્યો છે. અને આ ગુનામાં બે અન્ય સગીર આરોપીઓની કિશોર ન્યાય બોર્ડમાં અલગ ટ્રાયલ ચાલી રહી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે નાની દમણના કડૈયા પોલીસ સ્ટેશન ખાતે ૧૯મી ઓગસ્ટ ૨૦૨૩ના રોજ પીડિતાએ ફરિયાદ દાખલ કરતા જણાવ્યું હતું કે, તેમના ૮ વર્ષીય ભાઈને પડોશી મૈના દેવીની સાથે કોઈ બાબતે ઝઘડો થતાં મૈના દેવીએ ૮ વર્ષના ભાઈની પીટાઈ કરી હતી. આ બાબતે પીડિતાએ મૈના દેવીના ઘરે જઈ આ બાબતે પુછતા મૈના દેવીના પતિએ બે અન્યોની સાથે યુવતિના ઘરમાં ઘૂસી જઈ તેના ભાઈને બહાર કાઢી અંદર દરવાજો બંધ કરી યુવતિનું ચિરહરણ કરી અને નિર્વસ્ત્ર કરી દીધી હતી અને બળાત્કારના પ્રયાસની કોશિષ કરી હતી. પરંતુ મહિલાએ રાડારાડ કરી નાંખતા આરોપીઓ ભાગી ગયા હતા.

ત્યારબાદ મહિલાએ પોતાના પિતા સાથે આરોપીઓ વિરુદ્ધ કડૈયા કોસ્ટલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આઈપીસીની કલમ ૩૭૬ડી/૫૧૧, ૩૫૪, ૩૫૪એ અને ૩૫૪બી અંતર્ગત ગુનો દાખલ કરી આરોપીઓની ધરપકડ કરી હતી.

- (વધુ પાના નં.૨ પર)

### પ્રદેશ ભાજપ પ્રભારી દુષ્યંતભાઈ પટેલ અને પ્રદેશ પ્રમુખ મહેશભાઈ અગરિયાના માર્ગદર્શનમાં

# ‘વિકસિત ભારત જી રામ જી’ અભિયાન અંતર્ગત દાનહ અને દમણ ખાતે બેઠક યોજાઈ









(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, સેલવાસ, તા.૦૯

દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપ પ્રભારી દુષ્યંતભાઈ પટેલ અને પ્રદેશ પ્રમુખ મહેશભાઈ અગરિયાના માર્ગદર્શનમાં દાદરા નગર હવેલીના સેલવાસ અટલ ભવન સ્થિત ભાજપ કાર્યાલય અને દમણ સ્થિત પ્રદેશ ભાજપ કાર્યાલય ખાતે જિલ્લા સ્તરીય બેઠકોનું આયોજન કરી ભારત સરકારની ‘વિકસિત ભારત જી-રામ જી’ યોજના સબંધિત જાણકારી કાર્યકર્તાઓને આપવામા આવી હતી.

દમણ ખાતે ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી મહેશભાઈ અગરિયાની

- (વધુ પાના નં.૨ પર)

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

## વર્તમાન પ્રવાહ

## ટૂંક સમયમાં વાંચો

**અમારા સિનિયર સબ એડિટર શ્રી નગીન ગાંવિતની કલમે**

**દમણ જિલ્લાની ગત ચૂંટણીમાં મરવડની મગજમારી, વરકુંડની સાડાબારી, દુણેઠાના દમથી લઈ દરેક બેઠકોના પક્ષ-અપક્ષના ઉમેદવારોની પસંદગીથી લઈ પરિણામ સુધી કરેલા અભ્યાસનો નિચોડ**

૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં દમણ-દીવની બેઠક ઉપરથી ભાજપનો ‘નાલેશી’ ભરેલો પરાજય અને દમણની જિલ્લા પંચાયતોની ૧૦ બેઠક તથા ૯ ગ્રામ પંચાયતોના સરપંચોનો બિનહરિફ વિજય ફક્ત ૬ જિલ્લા પંચાયત અને ૭ ગ્રામ પંચાયતોના સરપંચોની થયેલી ચૂંટણીમાં મરવડની મગજમારી, વરકુંડની સાડાબારી, દુણેઠાના દમથી લઈ સોમનાથની શરમ અને દાભેલના દબદબાથી લઈ બીજા અનેક પક્ષ-વિપક્ષ દ્વારા થયેલા કાવા-દાવા અને રાજકીય કારકિર્દી ખતમ કરવાના પેતરાં સુધીના લેખાં-જોખાં સાથેની રસપ્રદ માહિતી સિનિયર સબ એડિટર શ્રી નગીન ગાંવિતે ચૂંટણી પહેલાં અને ચૂંટણી દરમિયાન કરેલા અભ્યાસનો નિચોડ વાંચવા...

**જોતા રહો..... ‘વર્તમાન પ્રવાહ’**




## સુવિચાર - સદ્‌વિચાર

સત્યના માર્ગે ચાલવું કઠિન છે, પણ તે જ સાચી દિશા છે.

## કવિતા

### અહીં આવ

ઘૃણાથી મને જોઈને જાનાર, અહીં આવ,
દૃષ્ટિથી હું દૃષ્ટિને કરું પ્યાર, અહીં આવ.
હું જોઉં છું તુજ વાટ, કોઈ વાર અહીં આવ,
રાખું છું ઉઘાડાં હૃદયદ્વાર, અહીં આવ.
ઓઝલની પ્રતિજ્ઞા છે તો ઓઝલમાં રહીને,
બંધ આંખે કરું તારા હું દીદાર, અહીં આવ.
અંજાશે નહિ મારી કદી પ્રેમની દૃષ્ટિ;
તું છો ને કરી રૂપના શણગાર અહીં આવ.
હું તારાં કદમ ચાહું છું, ક્ષણમાત્ર ભલે હો,
આંસુથી બનાવ્યો છે મેં ગુલજાર, અહીં આવ.
તું કોણ છે સ્વયં હું તને ભાન કરાવું,
ઓ માત્ર તરંગોમાં વિહરનાર, અહીં આવ.
પીંછીથી નહિ, ચીતરું છું દૃષ્ટિથી ચિત્રો,
જોવાને કલા મારી, કલાકાર, અહીં આવ.
ત્રિકાળના મુજ જ્ઞાનથી પૂરી દઉં રંગો,
ઓ ભાવિ જગત કેરા તું આકાર! અહીં આવ.
ઊડે ન ગગનમાં તું, ગગન તુજ મહીં ઊડે,
ઓ રજ! હું દઉં આટલો વિસ્તાર, અહીં આવ.
આવી જ 'સગીર' જાઉં ઘણે દૂરથી પાસે,
બસ આટલું કોઈ કહે ચાહનાર, અહીં આવ.

- સગીર

## આજની જોક

એક વખત એક મારવાડી ભાઈ અગાસી પર ગયેલો અને અચાનક નીચે પડી ગયો. પડતા પડતા રસ્તામાં ૧૨માં માળ પર તેને પત્નીને રસોઈ બનાવતા જોયી અને જોરથી બુમ મારી. ઓયે સાંભળીશ. મારા ભાગ ની રોટલી નહિ બનાવતી.

## કબીર વાણી

**ઐસા કોઈ ના મિલા, ઘટમે અલખ લખાય;**
**બિન બાત્તિ બિન તેલ બિન, જલતી જોત દિખાય.**

**- અર્થાત-**

એવો કોઈ મને મળ્યો નથી કે જે અલખ યાને બહારથી નહિ પિછાણી શકાય તેવો જે પરમાત્મા છે તેની આ શરીરમાં જ પિછાણ કરાવી આપે, અને જે જોત, તેલ ને કાકડા વગર, હમેશાં જળતી રહી છે તે દેખાડે.

## આજનો દિન વિશેષ

### મહાપુરુષ અચ્યુતાનંદ દાસ

મહાપુરુષ અચ્યુતાનંદ દાસ ૧૬મી સદીના કવિ દ્રષ્ટા અને ભારતના ઓડિશાના વૈષ્ણવ સંત હતા. તેમને ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય જોવાની શક્તિ ધરાવતા માનવામાં આવતા હતા. તેઓ એક પ્રબળ લેખક હતા, અને સામાન્ય લોકો માટે સંસ્કૃત ગ્રંથોનો ઓડિયા ભાષામાં અનુવાદ કરીને ઓડિશામાં આધ્યાત્મિકતામાં ક્રાંતિ લાવનારા પાંચ દ્રષ્ટાઓમાંના એક હતા. તેઓ પંચસખા તરીકે ઓળખાતા પ્રખ્યાત પાંચ દૃષ્ટાઓમાંના એક હતા, જેમનું નામ અનંત દાસ, જગન્નાથ દાસ, બલરામ દાસ અને જશોબંત દાસ હતું. જેમણે ઓડિશાના લોકો માટે પ્રાચીન હિન્દુ ગ્રંથોનો ઓડિયામાં અનુવાદ કર્યો હતો. અચ્યુતાનંદ દાસ પંચસખાના સૌથી પ્રબળ લેખક હતા અને તેમણે અસંખ્ય પુસ્તકો લખ્યા, જેમાંથી ઘણાને ભવિષ્યવાણીઓના પુસ્તક તરીકે સરળતાથી અનુવાદિત કરી શકાય છે. તેમની મુખ્ય કૃતિઓમાં હરિવંશ (ઉડિયામાં), કૈવર્ત ગીતા, ગોપાલંક-ઓગલા, ગુરુભક્તિ ગીતા, અનાકાર-સંહિતા, ચાહયાલિસા-પતાલ વગેરેનો સમાવેશ થાય છે.


## આજની વાર્તા : પાપનો ગુરુ કોણ?

એક સમયે, એક પંડિત કાશીમાં ઘણા વર્ષો સુધી શાસ્ત્રોનો અભ્યાસ કર્યા પછી પોતાના ગામ પાછો ફર્યો. આખા ગામમાં પ્રખ્યાત થઈ ગયું કે તે કાશીથી શિક્ષિત થઈને પાછો ફર્યો છે અને ધર્મ સંબંધિત કોઈપણ કોયડો ઉકેલી શકે છે. તેની ખ્યાતિ સાંભળીને એક ખેડૂત તેની પાસે આવ્યો અને પૂછ્યું-પંડિતજી, કૃપા કરીને અમને કહો કે પાપનો ગુરુ કોણ છે? પ્રશ્ન સાંભળીને પંડિતજી મૂંઝાઈ ગયા, તેમણે ધાર્મિક અને આધ્યાત્મિક ગુરુઓ વિશે સાંભળ્યું હતું, પરંતુ પાપનો ગુરુ છે તે હકીકત તેમની સમજ અને જ્ઞાનની બહાર હતી. પંડિત જીને લાગ્યું કે તેમનો અભ્યાસ હજુ અધૂરો છે. તેઓ કાશી પાછા ફર્યા. તેઓ ઘણા ગુરુઓને મળ્યા પણ તેમને ખેડૂતના પ્રશ્નનો જવાબ ન મળ્યો. અચાનક એક દિવસ તેઓ એક વેશ્યાને મળ્યા. તેણીએ પંડિતજીને તેમની મુશ્કેલીનું કારણ પૂછ્યું, પછી તેમણે તેણીને તેમની સમસ્યા જણાવી. વેશ્યાએ કહ્યું, પંડિતજી! તેનો જવાબ ખૂબ જ સરળ છે, પરંતુ જવાબ મેળવવા માટે તમારે મારા પડોશમાં થોડા દિવસો રહેવું પડશે.પંડિતજી ફક્ત આ જ્ઞાન માટે ભટકતા હતા. તેઓ તરત જ સંમત થયા. વેશ્યાએ તેને પોતાની સાથે રહેવાની વ્યવસ્થા કરી. પંડિતજી બીજા કોઈ દ્વારા રાંધેલું ભોજન ખાતા નહોતા. તેઓ તેમના નિયમો, વિધિઓ અને ધાર્મિક પરંપરાઓના ચુસ્ત પાલન કરતા હતા. વેશ્યાના ઘરમાં રહીને અને પોતાના હાથે ભોજન બનાવતા થોડા દિવસો ખૂબ જ આરામથી પસાર થયા, પણ તેમને તેમના પ્રશ્નનો જવાબ મળ્યો નહીં. તેઓ જવાબની રાહ જોતા રહ્યા. એક દિવસ વેશ્યાએ કહ્યું - પંડિતજી! તમને ભોજન બનાવવામાં ખૂબ તકલીફ પડે છે. અહીં તમારી સંભાળ રાખવા માટે બીજું કોઈ નથી. જો તમે કહો છો, તો હું સ્નાન કર્યા પછી તમારા માટે ભોજન બનાવીશ. પંડિતજીને મનાવવા માટે, તેણીએ લાલચ આપી - જો તમે મને આ સેવા કરવાની તક આપો છો, તો હું તમને દરરોજ દક્ષિણા તરીકે પાંચ સોનાના સિક્કા પણ આપીશ. સોનાના સિક્કાનું નામ સાંભળીને પંડિતજી વિચારવા લાગ્યા. રાંધેલું ભોજન અને સોનાના સિક્કા પણ! એટલે કે તેમના બંને હાથમાં લાડુ છે. પંડિતજી તેમના નિયમો, ઉપવાસ, રીતરિવાજો, વિચારો, ધર્મ, બધું ભૂલી ગયા. તેણીએ કહ્યું - તમારી ઈચ્છા મુજબ, ફક્ત ખાસ ધ્યાન રાખજો કે મારા રૂમમાં આવતા-જતા કોઈ તમને ન જુએ. પહેલા જ દિવસે, તેણીએ ઘણા પ્રકારના વ્યંજનો બનાવ્યા અને પંડિતજી સમક્ષ પીરસ્યા. પરંતુ પંડિતજી ખાવા માંગતાની સાથે જ તેણીએ તેમની સામે પીરસવામાં આવેલી થાળી ખેંચી લીધી. આ સાંભળીને પંડિતજી ગુસ્સે થયા અને કહ્યું, આ કેવો મજાક છે? વેશ્યાએ કહ્યું, આ મજાક નથી પંડિતજી, આ તમારા પ્રશ્નનો જવાબ છે. અહીં આવતા પહેલા, ખાવાની તો વાત જ છોડી દો, તમે કોઈના હાથનું પાણી પણ પીધું નહીં, પણ સોનાના સિક્કાના લોભમાં, તમે મારા દ્વારા રાંધેલું ભોજન સ્વીકાર્યું. આ લોભ પાપનો સ્વામી છે.

---

વિવેકાનંદ ઉત્સવના ઉપક્રમે ૧૨ જાન્યુઆરીને સોમવારે

# ધરમપુરમાં વિવેકાનંદજીની જન્મજયંતિ નિમિત્તે યુવા રેલી અને યુવા સંમેલન યોજાશે




**યુવા સંમેલનને ગુજરાતનાં જાણીતા વક્તા-મોટીવેટર સંજયભાઈ રાવલ, પ્રયોશા પ્રતિષ્ઠાન ડાંગના પ્રાણેતા પી.પી.સ્વામી, અને વલસાડ જિલ્લા શિક્ષણાધિકારી ડો. રાજશ્રીબેન ટંડેલ વિદ્યાર્થીઓને સંબોધન કરી પ્રેરણા પૂરી પાડશે**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૯**

વિવેકાનંદ ઉત્સવના ઉપક્રમે શ્રી રામકૃષ્ણ વિવેકાનંદ સેવા સમિતિ ટ્રસ્ટ ધરમપુર દ્વારા આગામી તારીખ ૧૨ જાન્યુઆરી સોમવારે વિશ્વાચાર્ય સ્વામી વિવેકાનંદજીની ૧૬૪મી જન્મજયંતીની (રાષ્ટ્રીય યુવાદિન) ઉજવણી નિમિત્તે સવારે ૮.૦૦ કલાકે યુવા રેલી અને બાદ એસ.એમ.એસ.એમ.હાઈસ્કૂલ ખાતે યુવા સંમેલનનું આયોજન હાથ ધરાયું છે. જેમાં ધરમપુર નગરના અને તાલુકાની વિવિધ શાળા અને મહાશાળાના ૨૫૦૦ થી ૩૦૦૦ વિદ્યાર્થીમિત્રો ભાગ લેશે. સવારે ૮.૦૦ કલાકે સ્વામી વિવેકાનંદ સ્મારક સમડીચોક સ્થિત વિવેકાનંદજીની પ્રતિમા ખાતે નગરજનો અને શાળા પરિવાર દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. બાદ આયોજિત યુવા રેલીમાં વિદ્યાર્થીઓ અને શાળાના શિક્ષકો જોડાશે, યુવારેલી નગરના સમડીચોક થઈ પ્રભુ ફળીયા, મોટાબજાર, ટાવર, ગાંધીબાગ, દશોન્દી ફળીયા, ડોક્ટર હેડગેવાર ચોક, ગાર્ડન રોડ, થઈ એસ.એમ.એસ.એમ હાઈસ્કૂલ ખાતે સંપન્ન થશે. જ્યાં ૯.૩૦ કલાકે આયોજિત યુવા સંમેલનમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને યુવા ગુજરાતનાં જાણીતા વક્તા-મોટીવેટર શ્રી સંજયભાઈ રાવલ, પ્રયોશા પ્રતિષ્ઠાન ડાંગના પ્રાણેતા પી.પી.સ્વામી, અને વલસાડ જિલ્લા શિક્ષણાધિકારી ડો.રાજશ્રીબેન ટંડેલ વિદ્યાર્થીઓને સંબોધન કરી પ્રેરણા પુરી પાડશે. યુવા વિદ્યાર્થીઓના તમામ પ્રશ્નો માટે વિશેષ પ્રશ્નોત્તરી કાર્યક્રમ પણ યોજાશે, યુવા રેલી અને યુવા સમેલનની સફળતા અર્થે તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

## ધરમપુરમાં પહેલીવાર સંજયભાઈ રાવલ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા. ૦૯**

ગુજરાતના જાણીતા મોટીવેશનલ સ્પીકર છે, જે પોતાની સરળ, અસરકારક અને લાગણીસભર ગુજરાતી ભાષામાં યુવાનો, વિદ્યાર્થીઓ અને ઉદ્યમીઓને જીવનમાં આગળ વધવા પ્રેરણા આપે છે, આત્મવિશ્વાસ, સકારાત્મક વિચારધારા, સ્વઅનુંશાસન અને સફળતા જેવા વિષયો પર ભાર મૂકે છે. પોતાના પ્રવચનોમાં તેઓ સ્વામી વિવેકાનંદજીના જીવન, વિચારો અને ઉપદેશોનો ઉલ્લેખ કરીને યુવાનોને 'ઉઠો, જાગો અને લક્ષ્ય પ્રાપ્ત થાય ત્યાં સુધી મંડ્યા રહો જેવા સંદેશો આપે છે તથા રાષ્ટ્રનિર્માણ, આત્મબળ અને ચરિત્ર ઘડતર માટે વિવેકાનંદજીના વિચારોને આજના જીવન સાથે જોડીને પ્રેરણાદાયક રીતે શ્રી સંજયભાઈ રાવલ વિવેકાનંદજી વિશે વાતો કરશે

---

# વાપી સલવાવ સ્વામિનારાયણ ફાર્મસી કોલેજના વિદ્યાર્થીઓએ જીટીયુમાં ટોપટેન સ્થાન મેળવ્યું

**સલવાવની, ભાવનાબેન નાનુભાઈ બાંભરોલીયા સ્વામિનારાયણ ફાર્મસી કોલેજની વિદ્યાર્થીનીઓએ ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીની ટોપ ટેનમાં સ્થાન મેળવી શ્રેષ્ઠ પરિણામો હાંસલ કરીને કોલેજ અને સંસ્થાનું ગૌરવ વધાર્યુ**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સીટી દ્વારા વિન્ટર-૨૦૨૫માં લેવાયેલી અંતિમ વર્ષ બી.ફાર્મસીના સાતમાં સેમેસ્ટરની પરીક્ષાનું પરિણામ તારીખ ૦૯/૧૦/૨૦૨૬ શુકવારના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. આ પરિણામમાં શ્રીમતી ભાવનાબેન નાનુભાઈ બાંભરોલીયા સ્વામિનારાયણ ફાર્મસી કોલેજે દર વર્ષની જેમ જી.ટી.યુ. ટોપ ટેનમાં સ્થાન મેળવવાની પરંપરા જાળવી રાખી છે. જેમાં ૪ વિદ્યાર્થીનીઓએ જી.ટી.યુ. ટોપ ટેનમાં સ્થાન મેળવ્યું અને ૪૭ વિદ્યાર્થીઓએ ૮.૦૦થી વધુ એસ.પી.આઈ. પ્રાપ્ત કરીને કોલેજ અને સંસ્થાનું ગૌરવ વધાર્યુ છે.

જી.ટી.યુ. દ્વારા જાહેર કરાયેલા એસ.પી.આઈ.વાઈઝ ટોપ ટેન પરિણામ મુજબ રાય ચાંદનીકુમારી મનોજકુમાર ૯.૮૬ એસ.પી.આઈ.સાથે સમગ્ર ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી કોલેજની શૈક્ષણિક પ્રતિષ્ઠા ઉજાગર કરી છે, તેમજ ટંડેલ ધ્રુવી ભરતભાઈ ૯.૫૭ એસ.પી.આઈ. પ્રાપ્ત કરી બીજા ક્રમે, તદુપરાંત સી.પી.આઈ વાઈઝ પરિણામ જોતા પટેલ મોલી હેમંતભાઈ ૯.૫૫ સી.પી.આઈ. સાથે બીજા ક્રમે અને પાંડે આકાંક્ષા પરમાનંદ ૯.૪૧ સી.પી.આઈ. મેળવી નવમો ક્રમ પ્રાપ્ત કરી સંસ્થા, કોલેજ અને તેમના માતા-પિતા તેમજ સમગ્ર વલસાડ જિલ્લાનું નામ રોશન કર્યુ છે.




આ સોનેરી સિદ્ધિ બદલ શ્રી સ્વામિનારાયણ સંસ્થાના અધ્યસ્થાપક પરમ પૂજ્ય સ્વામી પૂરાણી કેશવચરણદાસજી, મેનેજીંગ ટ્રસ્ટી પરમ પૂજ્ય પુરાણી સ્વામી કપિલજીવનદાસજી, પરમ પૂજ્ય રામસ્વામીજી, પૂજ્ય હરિ સ્વામીજી, ટ્રસ્ટીશ્રી બાબુભાઈ સોડવડીયા અને સમગ્ર ટ્રસ્ટી, કેમ્પસ એકેડેમિક ડિરેક્ટર પ્રોફેસર ડૉ. શૈલેશ વી. લુહાર, કેમ્પસ ડિરેક્ટર શ્રી હિતેન બી.ઉપાધ્યાય, આચાર્ય ડૉ.સચિન બી. નારખેડે અને તમામ સ્ટાફે વિદ્યાર્થીઓને અને વાલીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

---

ગુજરાત મહેસૂલ પંચ દ્વારા

## વર્ષ ૨૦૨૬માં જાન્યુ.થી ડિસે. સુધી વિવિધ કેસોની સુરતમાં સુનાવણી હાથ ધરાશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા. ૦૯**

વલસાડ, નવસારી, તાપી અને સુરત જિલ્લાના તમામ હિત સંબંધ ધરાવતા તમામ પક્ષકારોને ગુજરાત મહેસુલ પંચ સમક્ષ ચાલતા કેસો તેઓની સ્થાનિક સગવડતાઓ સચવાય તેવા શુભ આશયથી જાહેર, સંબંધિત પક્ષકારો તથા એડવોકેટશ્રીઓને આ જાહેર નોટીસથી ગુજરાત મહેસૂલ પંચ, અમદાવાદના અધ્યક્ષ એ.આઈ.રાવલ દ્વારા અખબારી યાદીમાં જણાવાયુ છે કે, ગુજરાત રેવન્યુ ટ્રીબ્યુનલમાં સુરત, તાપી, નવસારી અને વલસાડ જિલ્લાના મામલતદાર, મામલતદાર અને કૃષિ પંચ તથા નાયબ કલેકટરશ્રી તથા જિલ્લા કલેકટરશ્રીના ચુકાદાઓ સામે ગુજરાત મહેસુલ પંચ સમક્ષ દાખલ થયેલી રીવીઝન /અપીલ અરજીઓ તેમજ પરચુરણ અરજીઓની ન્યાયિક કાર્યવાહી માટે આગામી જાન્યુઆરી-૨૦૨૬ થી ડિસેમ્બર-૨૦૨૬ દરમિયાન સુરતના અઠવાલાઈન સર્કિટ હાઉસ સામે પહેલા માળે એ બ્લોકમાં પાછળના ભાગે ગેટ નં.૩, નવી કલેક્ટર કચેરી, જિલ્લા સેવા સદનમાં સુરત સીટીંગ, ગુજરાત મહેસુલ પંચ ખાતે સુનાવણી હાથ ધરાશે.

આ સુનાવણી માટે સુચિત કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

જે મુજબ જાન્યુઆરી - ૨૦૨૬માં તા.૨૯/૦૧/૨૦૨૬ અને તા.૩૦/૦૧/૨૬ને ગુરૂવાર અને શુક્રવાર, ફેબ્રુઆરી ૨૦૨૬માં તા.૨૬/૦૨/૨૬ અને તા. ૨૭/૦૨/૨૬ ગુરૂ અને શુક્રવાર, માર્ચ ૨૦૨૬માં તા.૨૭/૦૩/૨૫ને શુક્રવાર, એપ્રિલ-૨૦૨૬માં તા.૨૩/૦૪/૨૬ અને તા. ૨૪/૦૬/૨૬ના રોજ ગુરૂ અને શુક્ર, જુન ૨૦૨૬માં તા.૧૮/૦૬/૨૬ અને તા.૧૯/૦૬/૨૬ના રોજ ગુરૂ અને શુક્ર, જુલાઈ-૨૦૨૬માં તા.૩૦/૦૭/૨૬ અને તા.૩૧/૦૧/૨૬ના રોજ ગુરૂ અને શુક્ર, ઓગસ્ટ-૨૦૨૬માં તા.૨૦/૦૮/૨૬ અને તા. ૨૧/૦૮/૨૬ને ગુરૂ અને શુક્ર, સપ્ટેમ્બર ૨૦૨૬માં તા.૨૪/૦૯/૨૬ અને તા.૨૫/૦૯/૨૬ને ગુરૂ અને શુક્ર, ઓક્ટોબર ૨૦૨૬માં તા.૨૯/૧૦/૨૬ અને તા.૩૦/૧૦/૨૬ને ગુરૂ અને શુક્ર, નવેમ્બર ૨૦૨૬માં તા.૨૬/૧૧/૨૬ અને તા.૨૭/૧૧/૨૬ ના રોજ ગુરૂ અને શુક્ર તેમજ ડિસેમ્બર ૨૦૨૬માં તા.૧૭/૧૨/૨૬ અને તા.૧૮/૧૨/૨૬ને ગુરૂ અને શુક્રવારે સુનાવણી હાથ ધરાશે.

---

દાદરા નગર હવેલી અને દમણ-દીવ ભારતીય જનતા પાર્ટી દ્વારા

# સેલવાસ સ્થિત ભાજપ કાર્યાલય 'અટલ ભવન' ખાતે પ્રદેશ સ્તરીય બેઠકનું કરાયેલું આયોજન

**'વિકસિત ભારત-રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) (વીબી-જી રામ જી) યોજના વિશે વિગતવાર માહિતી અપાઈ**






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૯**

ભારતીય જનતા પાર્ટી, દાનહ અને દમણ-દીવ પ્રદેશ દ્વારા આજે સેલવાસ ખાતે આવેલ ભાજપ કાર્યાલય 'અટલ ભવન' ખાતે એક પ્રદેશ સ્તરીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં ભારત સરકારની 'વિકાસિત ભારત જી રામ જી યોજના અંગેની માહિતી પાર્ટીના કાર્યકરો સાથે શેર કરવામાં આવી હતી.

ભાજપ પ્રદેશ અધ્યક્ષ શ્રી મહેશભાઈ અગરિયાની હાજરીમાં અને ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ અને આ યોજના સંબંધિત કાર્યક્રમોના પ્રદેશ સંયોજક શ્રી ધર્મેશ સિંહ ચૌહાણની અધ્યક્ષતામાં આયોજીત આ બેઠકમાં ઉપસ્થિતોને VB-G RAM G યોજના વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

'વિકસિત ભારત-રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) બિલ, ૨૦૨૫' ભારતીય સંસદમાં પસાર કરવામાં આવ્યું છે. તેને VB-G RAM G અથવા ટૂંકમાં જી રામ જી યોજના કહેવામાં આવે છે. આ નવો કાયદો ગ્રામીણ સ્તરે રોજગાર અને આજીવિકા સુનિશ્ચિત કરશે. નવી યોજના ગ્રામીણ પરિવારો માટે દર નાણાંકીય વર્ષમાં ૧૨૫ દિવસની રોજગાર ગેરંટી પૂરી પાડે છે, જે અગાઉના ૧૦૦ દિવસથી ૨૫ દિવસનો વધારો છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ પરિવારોને રોજગાર પૂરો પાડવાનો, ગ્રામીણ સ્થળાંતરને રોકવાનો અને તેમની આજીવિકા સુરક્ષા વધારવાનો છે. ગ્રામીણ માળખાગત સુવિધાઓ અને ટકાઉ સંપત્તિઆનું નિર્માણ કરવાનો અને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવાનો ઉદ્દેશ્ય છે. આ જોગવાઈઓને ૨૦૪૭ સુધી વિકસિત ભારત તરફના પગલાં તરીકે વર્ણવવામાં આવી રહી છે. જેનો ઉદ્દેશ્ય કામદારોને આત્મનિર્ભર આજીવિકા સાથે જોડવાનો છે.

આજની બેઠકમાં ઉપસ્થિત અન્ય મહાનુભાવોમાં ભાજપ દાનહ અને દમણ-દીવ પ્રદેશ મહામંત્રી શ્રી જિગ્નેશભાઈ પટેલ, શ્રી સુનિલ પાટીલ, ખાનવેલ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી સન્ની ભીમરા, સેલવાસ ગ્રામીણ જિલ્લા પ્રમુખ શ્રી દીપક પ્રધાન, સેલવાસ શહેર જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી શાંતિલાલભાઈ પૂજારી, સેલવાસ નગરપાલિકા પ્રમુખ શ્રી સોમનાથ પાટીલ, દાનહ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિશાબેન ભવર, રાજ્યભરના મોટી સંખ્યામાં જિલ્લા અને મોરચાના અધિકારીઓનો સમાવેશ થાય છે.

કાર્યક્રમના અંતે, ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી મહેશભાઈ અગરિયાએ પત્રકાર પરિષદ દ્વારા (VB-G RAM G) યોજના વિશે મીડિયાને માહિતી આપી.

---

# વડોદરામાં ડીઆરએમ કપ ૨૦૨૬ ક્રિકેટ સ્પર્ધાનો આરંભ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**વડોદરા, તા.૦૯**

વડોદરાના પ્રતાપનગર સ્થિત માધવરાવ સિંધિયા સ્ટેડિયમમાં ડીઆરએમ કપ ૨૦૨૬ ક્રિકેટ સ્પર્ધાનો આરંભ થયો છે. સ્પર્ધાનું ઉદ્ઘાટન વડોદરા વિભાગના ડી.આર.એમ. રાજુ ભડકે દ્વારા કરવામાં આવ્યું હતું.

ઉદ્ઘાટન પ્રસંગે ભડકેએ ટૂર્નામેન્ટમાં ભાગ લઈ રહેલી તમામ ટીમોના ખેલાડીઓને શુભેચ્છા પાઠવી અને રમતભાવના સાથે પૂરી લગનથી રમવા તેમજ દરેક મેચ જીતવાની ભાવનાથી મેદાનમાં ઉતરવા આહ્વાન કર્યું હતું.

આ ક્રિકેટ કપમાં વડોદરા વિભાગના વિવિધ વિભાગો તેમજ અધિકારીઓની ટીમો સહિત કુલ ૧૬ ટીમો ભાગ લઈ રહી છે. ડીઆરએમ કપ ૨૦૨૬ની ફાઈનલ મેચ તા. ૨૦ જાન્યુઆરીના રોજ માધવરાવ સિંધિયા સ્ટેડિયમમાં રમાશે.

---

**(પહેલાં પાનાનું ચાલુ)**

**દમણના જિલ્લા અને...**

આ ગુનાની તપાસ કરતા અધિકારી પી.એસ.આઈ. શ્રી જય પટેલે ૧૮મી ઓક્ટોબર ૨૦૨૩ના રોજ અદાલતમાં ચાર્જશીટ દાખલ કરી હતી. આ કેસમાં વિદ્વાન ન્યાયામૂર્તિએ પીડિતાના સગીર ભાઈ તથા તેમના પિતા સહિત કુલ ૬ સાક્ષીઓને સાંભળ્યા બાદ આરોપી સુનિલ કુમારને સામૂહિક બળાત્કારના પ્રયાસના ગુનામાં નિર્દોષ માની મહિલાની ઈજ્જતભંગ કરવાના ગુનામાં કસુરવાર ઠેરવી આઈપીસીની કલમ ૩૫૪માં ૩ વર્ષ, ૩૫૪-બીમાં ૩ વર્ષ અને ગેરકાયદે ગૃહ પ્રવેશમાં આઈપીસીની કલમ ૪૫૪માં ૨ વર્ષની જેલ તથા ત્રણેય કલમોમાં રૂપિયા ૫-૫ હજારના દંડની સજા સંભળાવી છે.

આ ગુનામાં અન્ય બે સગીર આરોપીઓની કિશોર ન્યાય બોર્ડમાં અલગ ટ્રાયલ ચાલી રહી છે. આ કેસમાં પબ્લિક પ્રોસિક્યુટર શ્રી હરિઓમ ઉપાધ્યાયે જોરદાર દલિલો કરી આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલ્યો છે.

**(પહેલાં પાનાનું ચાલુ)** **'વિકસિત ભારત જી રામ જી'...**

ઉપસ્થિતિમાં અને ઉપાધ્યક્ષ અને આ યોજનાના સંબંધિત કાર્યક્રમોના રાજ્ય સંયોજક શ્રીમતી ફાલ્ગુનીબેન પટેલની અધ્યક્ષતામાં યોજાયેલ બેઠકમાં 'વિકસિત ભારત જી-રામ જી' યોજના વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ બેઠકમાં દમણ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલ, દમણ જિ.પં. પ્રમુખ શ્રી ધરમ પટેલ, દમણ ન.પા. પ્રમુખ શ્રીમતી દિપીકાબેન ટંડેલ સહિત વિવિધ જિલ્લા અને મોરચાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

બીજી સેલવાસ અટલ ભવન ખાતે યોજાયેલ સ્તરીય બેઠકમાં સેલવાસ શહેર જિલ્લા અધ્યક્ષ અને કાર્યક્રમના સંયોજક શ્રી શાંતુભાઈ પૂજારીની અધ્યક્ષતામાં આયોજીત આ બેઠકમાં ઉપસ્થિત દરેકને 'વીબી-જી રામ જી' યોજના અંગે વિસ્તૃત જાણકારી આપવામા આવી હતી.

આ બેઠકમાં પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી ધર્મેશસિંહ ચૌહાણ, સેલવાસ શહેર જિલ્લા ઉપાધ્યક્ષ શ્રી સુનિલ મહાજન, જિલ્લા મહામંત્રી શ્રી સંદીપ તિવારી, પાલિકા પ્રમુખ શ્રી સોમનાથ દેવરે સહિત પ્રદેશના જિલ્લા અને મોરચાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગ્રાહક સહકારનું શ્રેષ્ઠ ઉદાહરણ DGVCLની ગુંદલાવ પેટા વિભાગીય કચેરીમાં ૧૦૦ ટકા સ્માર્ટ મીટર સ્થાપન પૂર્ણ

## દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL) વીજ ગ્રાહક લક્ષી સેવાઓને વધુ આધુનિક, વિશ્વસનીય અને પારદર્શક બનાવવા માટે સતત પ્રયત્નશીલ અને કટિબદ્ધ છે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૯**

DGVCL દ્વારા સ્માર્ટ મીટર ઈન્સ્ટોલેશનની કામગીરી એપ્રિલ-૨૦૨૪થી શરૂ કરવામાં આવી હતી. શરૂઆતના તબક્કામાં કેટલાક વીજ ગ્રાહકોમાં અસમંજસ અને દ્વિધા જોવા મળી હતી, પરંતુ સ્માર્ટ મીટરની ઉપયોગિતા તથા ભવિષ્યલક્ષી લાભોની જાણકારી વધતાં ગ્રાહકો તરફથી ઉત્તમ અને હકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે. આજ દિન સુધીમાં ૮.૯૫ લાખથી વધુ સ્માર્ટ મીટર સફળતાપૂર્વક ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે.

આ હકારાત્મક સહકારના પરિણામે વલસાડ વર્તુળ કચેરીના તાબા હેઠળની ગુંદલાવ પેટા વિભાગીય કચેરીના કાર્યક્ષેત્રમાં ૧૦૦ ટકા સ્માર્ટ મીટર ઈન્સ્ટોલેશન પૂર્ણ થયું છે, જેમાં રહેણાંક, કોમર્શિયલ, ઔદ્યોગિક એમ તમામ પ્રકારના વીજ ગ્રાહકોનો સમાવેશ થાય છે. જે વીજ ગ્રાહકોમાં સ્માર્ટ મીટર પ્રત્યે વધતી વિશ્વસનીયતા અને સ્વીકાર્યતાનું ઉત્તમ ઉદાહરણ છે. આ ઉપરાંત વાપી GIDC તથા વાપી વેસ્ટ પેટા વિભાગીય કચેરીમાં પણ આશરે ૯૦ ટકા સ્માર્ટ મીટર ઈન્સ્ટોલેશન કાર્ય પૂર્ણ થયું છે, જે ટૂંક સમયમાં ૧૦૦ ટકા પૂર્ણ થવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

આ સિદ્ધિ માનવંતા વીજ ગ્રાહકોના હકારાત્મક અભિગમ, સમજદારી અને સહકારથી શક્ય બની છે, જે બદલ દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ તમામ વીજ ગ્રાહકોનો આભાર વ્યક્ત કરે છે. DGVCL વીજ ગ્રાહકોમાં સ્માર્ટ મીટર સ્થાપન અંગે જન જાગૃતિ ફેલાવવા માટે તેમજ ગુણવત્તાયુક્ત અને વિશ્વસનીય વીજ સેવા પ્રદાન કરવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે અને રહેશે.

DGVCL આવનાર સમયમાં પણ ટેક્નોલોજી આધારિત નવતર પહેલો દ્વારા વીજ સેવાઓને વધુ સરળ, વિશ્વસનીય અને પારદર્શક બનાવતી રહેશે. તેના ભાગરૂપે સ્માર્ટ મીટર લગાડવાની કામગીરી સાથે સાથે, એક લાઈન પર ફોલ્ટ સર્જાય ત્યારે વીજ પુરવઠો તાત્કાલિક બીજી લાઈન પરથી કાર્યરત કરી શકાય તેવી અદ્યતન ટેક્નોલોજી એટલે કે RMU (રીંગ મેઈન યુનિટ) અને આ ટેક્નોલોજીને રીમોટ લોકેશનથી ઓપરેટ કરી શકાય તે માટે SCADA જેવી આધુનિક ટેક્નોલોજી વાળી સિસ્ટમને પણ સ્થાપિત કરી રહી છે.

# વલસાડ આરટીઓ દ્વારા ઉમરગામ, પારડી અને ધરમપુરમાં માર્ગ સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ યોજાયો





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૯**

વલસાડ આરટીઓ કચેરી અને ગુજરાત પોલીસ દ્વારા એન.એમ. વાડીયા હાઈસ્કુલ, ઉમરગામમમાં માર્ગ સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમો સમજાવી સુરક્ષિત ડ્રાઈવિંગ અને હેલ્મેટ પહેરવા અંગે માર્ગદર્શન અપાયું હતું. પારડીની જે.પી. પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે આર.ટી.ઓ. વલસાડ અને ગુજરાત પોલીસના સહયોગથી એક મહત્વપૂર્ણ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે વલસાડ ડીવાયએસપી શ્રી ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને માર્ગ સલામતી (Road Safety), ગુડ ટચ-બેડ ટચ (Good Touch - Bad Touch), મહિલા તસ્કરી વિરોધી જાગૃતિ અને સ્વ-રક્ષણ તાલીમ (Self-Defense)વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વલસાડ આર.ટી.ઓ. અને ગુજરાત પોલીસ દ્વારા ધરમપુરમાં આસુરા ખાતે આવેલી એસ.વી.પટેલ સાર્વજનિક હાઈસ્કૂલમાં માર્ગ સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓને ટ્રાફિકના નિયમો, હેલ્મેટ અને સીટબેલ્ટનું મહત્વ, તેમજ નાની વયે વાહન ચલાવવાથી થતા નુકસાન અંગે સમજ આપવામાં આવી હતી. અંતે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે 'રાહવીર' પ્રિન્ટેડ પતંગાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# વલસાડની કોમર્સ કોલેજમાં મહિલા ઉદ્યોગ સાહસિકતા જાગૃત કાર્યક્રમ યોજાયો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૯**

રાજ્ય સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના સહયોગથી વલસાડની શાહ એન. એચ. કોમર્સ કોલેજ ખાતે ઉદ્યોગ સાહસિકતા વિકાસ સેલ અંતર્ગત કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની બહેનોનાં લાભાર્થે કોલેજ એક્ટિવીટી હોલમાં મહિલા ઉદ્યોગ સાહસિકતા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ડૉ.સચિન પટેલ અને શ્રી રવજીતસિંગ અટલ પ્રોજેક્ટ ઓફિસર ભારતીય ઉદ્યમિત વિકાસ સંસ્થાન, અમદાવાદથી વિકાસ નિષ્ણાંત તરીકે સેવાઓ આપી હતી. આ કાર્યક્રમમાં કુલ ૧૦૦ વિદ્યાર્થી બહેનોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી પ્રો.વિજયકુમાર ચાંપાનેરીએ આવા કાર્યક્રમો સરકારશ્રીના સહયોગથી વારંવાર યોજાય અને કોલેજમાંથી પણ વિદ્યાર્થીઓ ઉદ્યોગ સાહસિકતાના ક્ષેત્રો આગળ વધે અને પરિમાણલક્ષી કાર્ય કરે તેના પર ભાર મૂકીને ભાગ લેનાર વિદ્યાર્થિની બહેનોને શુભકામના પાઠવી હતી.

આ કાર્યક્રમમાં પ્રથમ સત્રમાં વિષય નિષ્ણાંત દ્વારા ડૉ. સચિન પટેલ ઉપસ્થિત વિદ્યાર્થિની બહેનોને PPTનો ઉપયોગ કરીને તથા વિવિધ ઉપકરણો દ્વારા સફળ ઉદ્યોગકારોની સફળતાના રહસ્યોની સમજણ આપી હતી. ઉદ્યોગ સાહસિક બનવા માટે વિવિધ આયોજનો તથા સમયાંતરે અનુભવ દ્વારા વિવિધ તકોને ઝડપી લેવી તથા રોજગારીનું સર્જન, કૌશલ્ય વિકાસ, નેતૃત્વ અને આયોજન, આત્માનિર્ભરતા, વ્યવસાય વધારીને ભવિષ્યની સુરક્ષિતતા, નવીન સંશોધનો, સમાજમાં પ્રતિષ્ઠિત સ્થાન પ્રાપ્ત કરવું જેવા જુદા જુદા મુદ્દાઓને આવરી લઈ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું.

દ્વિતીય સત્રમાં રવજીતસિંગ અટલ દ્વારા ધંધા ઉદ્યોગમાં ઉદ્દભવતી તકોને ઓળખવી, ઉદ્યોગ સાહસિક બનવા માટે જરૂરી કાર્યક્ષમતાઓ અને મહિલા ઉદ્યોગ સાહસિકો માટેની સરકારી યોજનાઓ જેવી કે પ્રધાનમંત્રી મુદ્રા યોજના, સ્ટાર્ટ અપ ઈન્ડિયા, સીડ ફંડ સ્કીમ, મહિલા ઉદ્યોગ નિધિ યોજના તથા સફળ મહિલા ઉદ્યોગ સાહસીકોના ઉદાહરણો લઈને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરૂ પાડ્યુ હતું.

આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રો.એમ.જી.પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. EDC સેલના બહેનોને કો-ઓર્ડીનેટર ડૉ. નીલમ ઇટાળીયા તથા કાર્યક્રમ સમિતિના સભ્યો ડૉ. આર.જી.પવાર, ડૉ.ટી.બી.પટેલ, ડૉ. પારસ શેઠ વિવિધ માર્ગદર્શન કરી કાર્યક્રમને સંપૂર્ણ સહયોગ કર્યો હતો. તેમજ આભારવિધિ ડૉ. નીલમબેન ઇટાળીયા દ્વારા કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમની પ્રેરણા કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી પ્રો.વિજયકુમાર ચાંપાનેરી દ્વારા પૂરી પાડવામાં આવી હતી.

# વલસાડ ડિઝાસ્ટર શાખા દ્વારા મકરસંક્રાંતિ પર્વની ઉજવણીમાં સાવચેતી રાખવા અંગે માર્ગદર્શિકા જારી કરી વિવિધ સૂચનો કરાયા

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૯**

આગામી તા.૧૪ જાન્યુઆરીના રોજ મકરસંક્રાંતિ પર્વની ઉજવણી થનાર છે ત્યારે ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અને ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ક્લેકટર ક્ચેરી, વલસાડ દ્વારા આ પર્વની ઉજવણીમાં શું કરવું અને શું નહી કરવું તે અંગે માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે.

''ચુમે ગગનને તમારી ચીલ, પણ સાવચેતીમાં ન રાખતા ઢીલ''ના સંદેશ સાથે ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા આટલુ કરવા જણાવાયુ છે. ૧) પ્રાથમિક સારવારની કીટ તૈયાર રાખો, ૨) માણસો, પશુઓ અને વાહનોથી સાવચેત રહો. ૩) પતંગ ચગાવવાના ધાબાની પાળીની ઉંચાઈ પૂરતી છે કે કેમ તેની ખાત્રી કરો. ૪) માથા ઉપરથી પસાર થતા વીજળીના તારથી દૂર રહો. ૫) ધાબાની અગાશી કરતા ખુલ્લા મેદાનમાં પતંગ ચગાવવાનું પસંદ કરો. ૬) પતંગ ચગાવતા બાળકોના વાલીઓ તેમની દેખરેખ રાખે. ૭) ત્રણ સ યાદ રાખો. સમજદારી, સદ્દ્ભાવ અને સાવચેતી અને ૮) સવારે ૬ થી ૮ અને સાંજે ૫ થી ૭ ગાળામાં પક્ષીઓ ગગનમાં વધુ પ્રમાણમાં વિહરતા હોવાથી આ સમયે પતંગ ચગાવવાનું ટાળો.પક્ષીઆનુ જીવન બચાવીએ.

આટલુ ના કરો જેમાં ૧) સીન્થેટીક વસ્તુઓ અને પ્લાસ્ટીકના ઉપયોગથી બનાવેલી તીક્ષ્ણ દોરી કે ચાઈનીઝ દોરી તરીકે ઓળખાય છે તેનો ઉપયોગ પતંગ ચગાવવામાં ન કરો. આ દોરીથી પક્ષીઓ ઘાયલ થાય છે. ૨) વીજળીના તારમાં ફસાયેલા અને સબસ્ટેશનમાં પડેલ પતંગને પાછો મેળવવાની લાલચમાં ન પડશો. ૩) લુઝ કપડા ન પહેરવા, માથે ટોપી પહેરવી. ૪) મકાનોના ગીચ વિસ્તારમાં પતંગ ચગાવવા નહિ. ૫) ઢાળવાળી મકાનની છત હોય તેવા મકાન ઉપરથી પતંગ ન ચગાવવો. ૬) પતંગ કપાઈ જાય તો આવા મકાન ઉપરથી છત ઉપરથી પતંગ લેવા દોડવું નહિ અને ૭) થાંભલામાં કે મકાનમાં ફસાયેલા પતંગને પાછો મેળવવા પથ્થર ન ફેંક્વો.

કોઈપણ દુર્ઘટના / આપત્તિ સમયે વલસાડ જિલ્લા કંટ્રોલ રૂમ ટોલ ફ્રી નં. ૦૨૬૩૨-૨૪૩૨૩૮/૨૪૦૨૧૨/૧૦૭૭, ઈમરજન્સી ટોલ ફ્રી નં.૧૦૮ અને કરૂણા અભિયાન ટોલ ફ્રી નં.૧૯૬૨ ડાયલ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# વલસાડ જિલ્લાના તાલુકાઓમાં સુરક્ષા અધિકારીની ભરતી શિબિર યોજાશે

## ધો.૧૦થી ગેજ્યુએટ સુધીના રોજગારવાંચ્છુ ઉમેદવારો માટે ઉજ્જવળ તક

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ,તા.૦૯**

વલસાડ જિલ્લામાં ભારતીય સુરક્ષા કાર્યદક્ષતા નવી દિલ્હી એન્ડ ઈરિજેજન્સ સર્વિસ લી.ના સહયોગથી જવાન અને સુરક્ષા સુપરવાઈઝર અને સુરક્ષા અધિકારી ભરતી શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૧૦/૦૧/૨૦૨૬ના રોજ ઝેડ.એચ.શાહ સાર્વ. હાઈસ્કૂલ ડુંગરા, વાપી, તા.૧૧/૦૧/૨૦૨૬ના રોજ ડી.સી.ઓ. હાઈસ્કૂલ પારડી, તા.૧૨/૦૧/૨૦૨૬ના રોજ કે.ડી.બી. હાઈસ્કૂલ સરીગામ, ઉમરગામ, તા.૧૩/૦૧/૨૦૨૬ના રોજ એન.આર.રાઉત સાર્વ. હાઈસ્કૂલ કપરાડા, તા.૧૫/૦૧/૨૦૨૬ના રોજ એસ.એમ.એસ.એમ. હાઈસ્કૂલ ધરમપુર, તા.૧૬/૦૧/૨૦૨૬ના રોજ આઈ.પી.ગાંધી સ્કૂલ જુજવા, વલસાડ ખાતે ભરતી શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો સમય સવારે ૧૦ થી બપોરે ૦૩ કલાક સુધી છે.

ભરતી અધિકારીશ્રી વિશાલ બારીયા જણાવે છે કે, ઉમેદવારોની ઉંમર ૨૦ થી ૪૦ વર્ષ-લાયકાત સુરક્ષા જવાન માટે ૧૦ પાસ, સુપરવાઈઝર માટે ૧૨ પાસ અને સુરક્ષા અધિકારી માટે ગ્રેજયુએટ હોવું જરૂરી છે ઉંચાઈ ૧૬૮ સે.મી. વજન ૫૬ કિલો, છાતી ૮૦ થી ૮૫ અને શારીરિક રીતે તંદુરસ્ત હોવું જરૂરી છે. ઈચ્છુક ઉમેદવારોએ ડોક્યુમેન્ટની ઝેરોક્ષ, પાસપોટ સાઈઝના ત્રણ ફોટા, આધારકાર્ડ, બોલપેન લઈને હાજર રહેવું. પાસ થનાર ઉમેદવારનું ભરતી સ્થળે રજીસ્ટ્રેશન કરવાનું રહેશ. જે પાસ ઉમેદવારે રિજનલ ટ્રેનિંગ સેન્ટર, માણસા, ગાંધીનગર ખાતે ટ્રેનિંગ લેવાની રહેશે. સિકયુરીટી એન્ડ ઈન્ટેલીજન્ટ સર્વિસ ઈન્ડિયા લી.માં કાયમી નિયુકત ૬૫ વર્ષ સુધી ગુજરાતમાં મળશે. ભારત સરકાર, રાજય સરકાર અને પુરાતત્વ, બંદર, એરપોર્ટ, બેન્ક, મલ્ટીનેશનલ ઔધોગિક ક્ષેત્ર વગેરેમાં નોકરી આપવામાં આવશે. સુરક્ષા જવાનને રૂા.૧૫,૫૦૦/- થી રૂા.૨૦,૫૦૦ સુધી અને સુપર વાઈઝરને રૂા.૨૦,૫૦૦ થી રૂા.૨૫,૫૦૦ સુધી અને સુરક્ષા અધિકારીને રૂા.૨૮,૫૦૦ થી રૂા.૩૫,૫૦૦ સુધી તેમજ અન્ય સુવિધાઓ, દર વર્ષે પગારમાં વધારો, પ્રમોશન, પી.એફ., ઈ.એસ.આઇ,સી., ગ્રેજ્યુટી, મેડીકલ સુવિધા, બોનસ અને પેન્શન જેવી સુવિધા આપવામાં આવશે. વધુ માહિતી માટે મો.નં. ૯૬૨૪૨૬૩૪૬૬ પર સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# દાનહના કરાડ અને રખોલી ગ્રા.પં. દ્વારા 'ફીટ ઈન્ડિયા' અંતર્ગત ઝુમ્બા અને સાયકલીંગનું કરાયેલું આયોજન







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૯**

દાદરા નગર હવેલીના કરાડ અને રખોલી ગ્રામ પંચાયત દ્વારા દેશવ્યાપી આંદોલન ''સન્ડે ઓન સાયકલ'' અંતર્ગત સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના માર્ગદર્શન અને દિશા-નિર્દેશમાં 'ફિટ ઈન્ડિયા' કાર્યક્રમમાં ઝુમ્બા સેશન ચલાવવામાં આવ્યું હતું. જેમાં દરેક જન પ્રતિનિધિઓ, પંચાયત કર્મચારીઓ અને ગામના યુવાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઝુમ્બા સત્ર માટે સેલવાસથી ટ્રેનર દીપાંજલિ સ્ટીવન ડાયસ અને એમની ટીમ દ્વારા ઝુમ્બા ડાન્સ કરાવ્યો હતો. ત્યારબાદ ગામના યુવાઓ અને બાળકોએ સાઈકલિંગ કરી લોકોને 'ફિટ ઈન્ડિયા' માટે પ્રેરિત કર્યા હતા.

આ અવસરે દાનહ જિલ્લા પંચાયતના પૂર્વ અધ્યક્ષ શ્રી દિપક પ્રધાન, કરાડ વિભાગના જિલ્લા પંચાયત સભ્ય શ્રીમતી સુશીલાબેન જનાથીયા, રખોલીના સરપંચ શ્રીમતી પ્રગતિબેન પટેલ, કરાડના સરપંચ શ્રીમતી રશ્મિબેન પ્રધાન, પંચાયત સભ્યો સહિત યુવાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડની સરકારી પોલિટેકનિકમાં સરકારી આયુર્વેદિક દવાખાના, તિથલ દ્વારા આયુર્વેદ ચિકિત્સા કેમ્પ યોજાયો








**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૯**

રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સંચાલિત નિયામકશ્રી આયુષની કચેરી ગાંધીનગર દ્વારા પ્રેરિત તથા જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી વલસાડના માર્ગદર્શન હેઠળ સરકારી પોલીટેક્નીક વલસાડમાં સરકારી આયુર્વેદિક દવાખાનું, તિથલના સહયોગથી વિદ્યાર્થી અને સ્ટાફ માટે આયુર્વેદ ચિકિત્સા કેમ્પ સંસ્થાના આચાર્યા રીંકુ શુક્લાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

આયુર્વેદ દવાખાનાના ડો.ધર્મિષ્ઠા પટેલે કુમાર અને કન્યા છાત્રાલયના વિદ્યાર્થીઓને જણાવ્યું કે, સુખી જીવન ઉત્તમ સ્વાસ્થ્ય પર નિર્ભર કરે છે. સ્વસ્થ અને સુખી રહેવા માટે આવશ્યક છે કે, શરીરમાં કોઈ વિકાર ન હોય અને જો વિકાર થઈ જાય તો એને તરત જ દૂર કરવામાં આવે. આયુર્વેદનું મુખ્ય લક્ષ્ય વ્યક્તિ કે સ્વાસ્થ્યનું રક્ષણ તેમજ રોગીઓના વિકારનું શમન કરવાનું છે. સાથે દિનચર્યા અને ઋતુચાર્ય વિશે પણ સમજણ આપવામાં આવી હતી. વલસાડ જિલ્લામાં આવેલા આયુર્વેદ દવાખાના તથા હોમિયોપેથીક જેવા સરકારી આયુષ દવાખાના અને રાજ્ય વ્યાપી સરકારી સગવડ અંગેની વિગતવાર માહિતી પણ આપવામાં આવી હતી.

સંસ્થાના રેક્ટર ડૉ.અમિત ધનેશ્વરે આ પ્રસંગે જણાવ્યું કે, આયુર્વેદ અન્ય ચિકિત્સા પદ્ધતિની જેમ એક ચિકિત્સા પદ્ધતિ માત્ર નહી, પરંતુ સંપૂર્ણ આયુષ્યનું જ્ઞાન છે. અને તેને જીવન શૈલી બનાવવાથી અવશ્ય લાભ થાય છે. હાલમાં બદલાતી ઋતુ અને હવામાનના દૈનિક ફેરફારમાં સર્વેની રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને સીઝનલ બિમારી સામે રક્ષણ મળી રહે તે માટે ઉપસ્થિત સર્વેને ઈમ્યુનીટી બુસ્ટર ડોઝની ગોળીઓનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં પોલીટેકનિકના વિદ્યાર્થીઓ તથા સ્ટાફે તત્કાલ રોગ નિદાન અને તે માટેની દવાઓ પણ મેળવી કાર્યક્રમને બહોળો પ્રતિસાદ આપ્યો હતો. વિવિધ રોગોના અને પથ્યાપથ્યના પેમ્પલેટ્સનું વિતરણ કરાયું હતું. કેમ્પમાં ફાર્માસિસ્ટ દીપિકા પટેલ તથા સેવક ચૈતાલી બરોડિયાએ સેવા આપી હતી. પોલીટેકનિકના સ્ટાફ કુ.કે.બી. પટેલ અને હેતલ બહેનના સંચાલનમાં સંસ્થાના તમામ સ્ટાફ અને વિદ્યાર્થીગણે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# પારડીના ખુંટેજમાં પ્રાકૃતિક ખેતીની તાલીમ કાર્યક્રમ યોજાયો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૯**

પારડી તાલુકાના ખુંટેજ ગામમાં આત્મા પ્રોજેકટ દ્વારા પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૃષિ સખી પ્રતીક્ષાબેન અને કમ્યુનિટી રિસોર્સ પર્સન હિતેશભાઈ દ્વારા પ્રાકૃતિક ખેતી વિશે ખેડૂતોને માહિતી આપવામાં આવી હતી.

આ સાથે જ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના પાંચ આયામ (૧) જીવામૃત, (૨) ઘનજીવામૃત (૩) બીજામૃત, (૪) આચ્છાદાન અને (૫) મિશ્ર પાક પદ્ધતિ વિશે ખેડૂતોને સમજણ આપવામાં આવી હતી. આ સાથે જ જીવામૃત અને ઘનજીવામૃત કેવી રીતે બનાવવામાં આવે છે તે અંગે પ્રેકટીકલ તાલીમ આપી તેનુ મહત્વ પણ સમજાવવામાં આવ્યું હતું. ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીને લગતા મૂઝવંતા પ્રશ્નોનું નિરાકરણ પણ મેળવ્યું હતું. મોટી સંખ્યામાં ખેડૂતો હવે રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી તરફ વળી રહ્યા છે.

# વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# પ્રજા વચ્ચે નેતાની લોકપ્રિયતામાં ઓટ આવી હોય અને કંઈક કરી દેખાડવાની ચાનક હોય, ત્યારે યુદ્ધ જેવો ટૂંકો માર્ગ કોઈ નથી હોતો

લોકતંત્રની પુનઃસ્થાપના, ડ્રગ કાર્ટેલની કમર ભાંગવી અને લેટિન અમેરિકામાં સ્થિરતા લાવવાનો દાવો ડોનાલ્ડ ટ્રમ્પ વેનેઝુએલા પર હુમલો કરી રાષ્ટ્રપ્રમુખ નિકોલસ માદુરોને ઊંચકી લેવા માટે કરી રહ્યા છે, પણ આખી દુનિયા જાણે છે ટ્રમ્પનો ઈરાદો શું છે. વેનેઝુએલાના ક્રૂડતેલ ભંડારો પર અમેરિકાની નજર હોવા ઉપરાંત ૨૦૨૬ના અંતમાં યુએસ કોંગ્રેસની ચૂંટણી છે અને મુદ્દાઓ ન હોય, પ્રજા વચ્ચે નેતાની લોકપ્રિયતામાં ઓટ આવી હોય અને કંઈક કરી દેખાડવાની ચાનક હોય, ત્યારે યુદ્ધ જેવો ટૂંકો માર્ગ કોઈ નથી હોતો. એક તીરથી ટ્રમ્પે અનેક નિશાના સાધ્યાં છે, એવા તારણ નિષ્ણાતો કાઢી રહ્યા છે, પણ ખરેખર તો ટેરિફનો બોજ, બદલાતી નીતિઓની અસ્થિરતા અને ફેલાઈ રહેલા અણગમાનો છેદ ઉડાડવાની આ ગણતરીપૂર્વકની ચાલ છે. એ ખરું કે, માદુરો પણ દૂધના ધોયેલા નથી. પણ, લેટિન અમેરિકન દેશોના બળના જોરે સત્તાની ટોચે પહોંચેલા ક્રૂર, આત્મકેન્દ્રી અને રાષ્ટ્રની સંપત્તિને પોતાના પિતાની જાગીર ગણનારા શાસકોની પંગતમાં બેસતા માદુરો સાથે ટ્રમ્પે જે કર્યું એ પણ કોઈ રીતે ન્યાયી, યોગ્ય કે કાયદાના દાયરામાં રહી કરવામાં આવેલી કાર્યવાહી તો નથી જ. પણ, ટ્રમ્પને એની ચિંતા નથી. ચીન અને રશિયા જેવી વિસ્તારવાદી માનસિકતાનો પરચો આપતાં ટ્રમ્પે આડકતરી રીતે કહી દીધું છે કે, વેનેઝુએલા તો સિર્ફ ઝાંકી હૈ... કોલમ્બિયા, ક્યુબા, મેક્સિકો ઔર ગ્રીનલેન્ડ અભી બાકી હૈ. ટ્રમ્પે અમેરિકન મતદારોને સ્પષ્ટ સંદેશ આપ્યો છે - જે હું કહું છું, કરી દેખાડું છું અને વિશ્વ સમુદાય માટે તો જાણે કે આડકતરી ચીમકી જ છે - મને કોઈની પરવાનગીની કે કાયદાને અનુસરવાની જરૂર નથી. આ પ્રકારના હુમલા માટે પ્રેસિડેન્ટે જે કોંગ્રેસની મંજૂરી લેવી જરૂરી હોય છે, એની ચૂંટણી ૨૦૨૬ના નવેમ્બર મહિનામાં યોજાવાની છે અને એ પહેલાં ટ્રમ્પ આવી નવા-જૂની કરતા રહેશે એ પણ સ્પષ્ટ છે. વિશ્વના ક્રૂડતેલમાંથી ૨૦ ટકા અનામત જથ્થો ધરાવતું વેનેઝુએલા ચીનનાં દેવાંમાં ડૂબેલું છે. ઊર્જા અને માળખાકીય સુવિધાઓ માટે ચીને વેનેઝુએલાને અબજો ડોલર ધીર્યા છે. આથી, ચીન અને ઈરાને માદુરોને મુક્ત કરવાની માગણી કરી છે. દરમિયાન, અમેરિકાના સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રૂબિયોએ કહ્યું છે કે, વેનેઝુએલા પર કબજો કરવાનો વિકલ્પ પણ પ્રેસિડેન્ટ ટ્રમ્પ માટે ખુલ્લો છે. ટ્રમ્પ અને રૂબિયોએ તો ત્યાં સુધી કહ્યું છે કે, ક્યુબા અથવા કોલમ્બિયા હવે પછીનું ટાર્ગેટ હોઈ શકે છે. જગત જમાદાર દલા તરવાડીના રોલમાં આવી જાય તો એને કોણ રોકી શકે? ભારત માટે આ પરિસ્થિતિમાં લાભ છે અને રશિયાની ક્રૂડ આયાત ઘટાડી આયાત બાસ્કેટને વ્યાપક બનાવવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે.

# ગ્રીનલેન્ડને ખરીદી લેવા ડોનાલ્ડ ટ્રમ્પની મોટી ઓફર

## દરેક નાગરિકને ચૂકવશે ૧ લાખ ડોલર!



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હવે એક દેશની સમગ્ર વસ્તીને જ ખરીદવાની યોજના બનાવી રહ્યા હોવાના અહેવાલોથી આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. આ દેશ છે ગ્રીનલેન્ડ. છેલ્લા કેટલાક દિવસોથી, પ્રમુખ ટ્રમ્પે વારંવાર પુનરોચ્ચાર કર્યો છે કે સુરક્ષાની દ્રષ્ટિએ ગ્રીનલેન્ડ અમેરિકા માટે અત્યંત મહત્વપૂર્ણ છે અને અમેરિકાને ગમે તે ભોગે આ દેશની જરૂર છે. હવે, આ જરૂરિયાતને પૂરી કરવા માટે, અમેરિકાએ ગ્રીનલેન્ડના ૫૭,૦૦૦ નાગરિકોની ''કિંમત'' નક્કી કરી દીધી હોવાનું જણાય છે. એક અહેવાલમાં મામલા સાથે સંકળાયેલા સૂત્રોના હવાલાથી જણાવાયું છે કે અમેરિકન અધિકારીઓએ ગ્રીનલેન્ડના લોકોને એકસાથે મોટી રકમ આપવા પર ચર્ચા કરી છે, જેથી તેમને ડેનમાર્કથી અલગ થવા અને અમેરિકામાં જોડાવા માટે મનાવી શકાય. માહિતી મુજબ, વ્હાઇટ હાઉસના સહયોગીઓ અને અમેરિકન અધિકારીઓએ પ્રતિ વ્યક્તિ $૧૦,૦૦૦ થી $૧,૦૦,૦૦૦ સુધીની રકમ પર ચર્ચા કરી છે. આનો અર્થ એ છે કે અમેરિકા આ યોજના માટે કુલ ઈ૬ બિલિયન સુધીનો ખર્ચ કરી શકે છે. આ પહેલા, વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે પણ સંકેત આપ્યા હતા કે પ્રમુખ ટ્રમ્પ અને તેમના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારો એ જોઈ રહ્યા છે કે સંભવિત ખરીદી કેવી હોઈ શકે છે. અમેરિકન અધિકારીઓ એવું પણ કહી ચૂક્યા છે કે ગ્રીનલેન્ડને અમેરિકા સાથે જોડવા માટે કોઈપણ રસ્તો અપનાવી શકાય છે અને જરૂર પડ્યે સેનાનો ઉપયોગ પણ કરવામાં આવશે. ખનીજ સંપત્તિ: ગ્રીનલેન્ડ દુર્લભ ખનીજોથી સમૃદ્ધ છે, જેનો ઉપયોગ મોબાઈલ ફોન, કમ્પ્યુટર અને બેટરી જેવા હાઈ-ટેક ઉપકરણોમાં થાય છે. હાલમાં, આ મહત્વપૂર્ણ ખનીજોના સપ્લાય પર ચીનનું વર્ચસ્વ છે. વ્યૂહાત્મક સ્થાન: ગ્રીનલેન્ડનું લગભગ ૮૦% ક્ષેત્ર આર્કટિક સર્કલની ઉપર છે, જે આર્કટિક સુરક્ષાની દ્રષ્ટિએ અત્યંત મહત્વપૂર્ણ છે. ક્લાઈમેટ ચેન્જને કારણે બરફ પીગળી રહ્યો છે અને આંતરરાષ્ટ્રીય વેપાર માટે નવા દરિયાઈ માર્ગો ખુલી રહ્યા છે, જેના કારણે આ વિસ્તારમાં રશિયા અને ચીન જેવી શક્તિઓ વચ્ચે સ્પર્ધા વધી રહી છે. અમેરિકાની આ યોજના સામે યુરોપિયન દેશોએ સખત ચેતવણી આપી છે. ફ્રાન્સ, જર્મની, ઈટાલી, પોલેન્ડ, સ્પેન, બ્રિટન અને ડેનમાર્કે એક સંયુક્ત નિવેદન જારી કરીને કહ્યું છે, ''ગ્રીનલેન્ડ અહીંના લોકોનું છે અને તેનો નિર્ણય માત્ર અહીંના લોકો જ કરશે.'' ડેનમાર્કે તો ત્યાં સુધી કહી દીધું છે કે, ''ગ્રીનલેન્ડની સાર્વભૌમત્વ પર કોઈપણ હુમલો થશે તો નાટો ખતમ થઈ જશે.'' આનાથી ૭૫ વર્ષ જૂના નાટો ગઠબંધનમાં મોટી તિરાડ પડવાની સંભાવના ઉભી થઈ છે.

# જર્મનીના અર્થતંત્રમાં પણ ભારતીય પ્રોફેશનલ્સનો દબદબો યથાવત

## ૨૦૨૪ સુધી સરેરાશ પગારના મામલે ભારતીયો પછી અમેરિકનો અને આયરિશ છે, જ્યારે જર્મન નાગરિકો આશ્ચર્યજનક રીતે ચોથા ક્રમે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯**

જર્મનીના ઈકોનોમિક ઈન્સ્ટિટ્યુટના તાજેતરના અભ્યાસ મુજબ જર્મનીમાં કામ કરતા ભારતીય પ્રોફેશનલ્સને સૌથી વધુ સરેરાશ પગાર મળે છે. ૨૦૨૪ સુધીના ડેટા કહે છે કે, સરેરાશ પગારના મામલે ભારતીયો પછી અમેરિકનો અને આયરિશ છે, જ્યારે જર્મન નાગરિકો આશ્ચર્યજનક રીતે ચોથા ક્રમે છે. ફેડરલ એમ્પ્લોયમેન્ટ એજન્સીના ડેટા પર આધારિત આ અભ્યાસ કહે છે કે, ફૂલ-ટાઈમ નોકરી કરતાં ભારતીય કામદારોની સરેરાશ માસિક કમાણી ૫,૩૯૩ યુરો (લગભગ રૂ. ૪,૮૫,૦૦૦) છે, જે જર્મન કામદારો ૪,૧૭૭ યુરો (રૂ. ૩,૭૫,૦૦૦) કરતાં ઘણી વધુ છે. ભારતીયો પછી ઑસ્ટ્રિયનો ૫,૩૨૨ યુરો (રૂ. ૪,૭૮,૦૦૦), અમેરિકનો ૫,૩૦૭ યુરો (રૂ. ૪,૭૭,૦૦૦) અને આઈરિશ ૫,૨૩૩ યુરો (રૂ. ૪,૭૦,૦૦૦) સૌથી વધુ કમાય છે. જર્મનીમાં વસતા તમામ વિદેશી નાગરિકોની સરેરાશ માસિક કમાણી ૩,૨૦૪ યુરો (રૂ. ૨,૮૮,૦૦૦) થવા જાય છે. આ ઉચ્ચ કમાણીનું મુખ્ય કારણ એ છે કે જર્મનીમાં રહેતા ઘણાં ભારતીયો ઊંચો પગાર આપતા વિજ્ઞાન, ટેક્નોલૉજી, એન્જિનિયરિંગ અને ગણિત (STEM) જેવા ક્ષેત્રોમાં કામ કરે છે. વર્ષ ૨૦૧૨થી અત્યાર સુધીમાં STEM ક્ષેત્રમાં કામ કરતાં ભારતીયોની સંખ્યા ૯ ગણી વધીને ૩૨,૮૦૦થી વધારે થઈ ગઈ છે. ૨૫થી ૪૪ વર્ષ વયના ભારતીય કામદારોમાંથી ૩૩% STEM ક્ષેત્રમાં છે, જે અન્ય કોઈપણ સમૂહ કરતાં ઘણું વધારે છે. આ ડેટાથી સ્પષ્ટ થાય છે કે જર્મનીની અર્થવ્યવસ્થા આંતરરાષ્ટ્રીય પ્રતિભા પર ખૂબ આધારિત છે. આ ડેટા ભારતીયોની શૈક્ષણિક ક્ષમતા અને કાર્યકુશળતાની પણ સાબિતી આપે છે. આ એવા ક્ષેત્રો છે જ્યાં ભારતને પણ વિશેષ પ્રતિભાની જરૂર છે, પરંતુ વિદેશમાં વધુ સારી તકો મળતી હોવાથી ઘણાં ભારતીય તજજ્ઞો દેશ છોડી જતા હોય છે.

# જે મનુષ્ય જે સ્થિતિમાં હોય છે એ સ્થિતિની, એ કક્ષાની વાતને જ સાચી સમજે છે, એનાથી ઉંચી કક્ષાની વાત તેઓ સમજી શકતા નથી



## ગીતામૃતમ્

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી, તા. શહેરા, જી. પંચમહાલ
(મો.) ૯૭૨૬૧ ૬૬૦૭૫

આશ્ચર્ય અને ખેદમાં ડૂબેલા અર્જુન શ્લોક(૧/૪૬)માં પોતાની દલીલોનો આખરી નિર્ણય જણાવે છે કે..

યદિ મામ-તીકારમશસ્ત્રં શસ્ત્રપાણયઃ
ધાર્તરાષ્ટ્રા રણે હન્યુસ્તન્મે ક્ષેમતરં ભવેત્

જો હાથમાં શસ્ત્ર લીધેલા ધૃતરાષ્ટ્રના પક્ષપાતી લોકો રણમાં સામનો ન કરનાર એવા શસ્ત્રરહિત મને હણી નાખે તો પણ તે મારા માટે વધુ કલ્યાણકારી થશે.

અર્જુન કહે છે કે જો હું યુદ્ધથી બધી રીતે નિવૃત થઈ જઈશ તો કદાચ એ દુર્યોધન વગેરે પણ યુદ્ધથી નિવૃત્ત થઈ જશે કારણ કે અમે કશું ઈચ્છીશું જ નહીં અને લડીશું પણ નહીં તો પછી આ લોકો યુદ્ધ કરશે જ શા માટે? પરંતુ કદાચ આવેશમાં આવેલા તથા હાથોમાં શસ્ત્રોને ધારણ કરેલા એ ધૃતરાષ્ટ્રના પક્ષપાતી લોકો કાયમ માટે અમારા રસ્તાનો કાંટો નીકળી જાય, દુશ્મન સમાપ્ત થઈ જાય- એવો વિચાર કરીને સામનો નહીં કરવાવાળા તથા શસ્ત્ર વગરના એવા મને મારી પણ નાખે તો એમનું એ મારવું મારે માટે હિત કરનારૂં જ બનશે કારણ કે મેં યુદ્ધમાં ગુરૂજનોને મારીને ઘણું ભારે પાપ કરવાનો જે નિશ્ચય કર્યો છે તે નિશ્ચયરૂપી પાપનું પ્રાયશ્ચિત થઈ જશે, એ પાપથી હું શુદ્ધ થઈ જઈશ.

જે મનુષ્ય પોતાના માટે જે કોઈ બાબતનું વર્ણન કરે છે એ બાબતની એના પોતાના ઉપર અસર પડે છે. અર્જુન પણ જ્યારે શોકમગ્ન થઈને અઠ્ઠાવીસમાં શ્લોકથી બોલવાનું શરૂ કર્યું ત્યારે એ એટલા શોકમગ્ન નહોતા કે જેટલા એ અત્યારે શોકમગ્ન છે. પહેલાં અર્જુન યુદ્ધથી નિવૃત્ત થયા નહોતા પણ શોકમગ્ન થઈને બોલતા બોલતા અંતે એ યુદ્ધથી નિવૃત્ત થઈ જાય છે અને બાણ સહિત ધનુષ્ય ત્યજીને બેસી જાય છે. ભગવાને એ વિચાર્યું કે અર્જુનનો બોલવાનો ઉભરો નીકળી જાય તો હું બોલું, એટલે કે બોલવાથી અર્જુનનો શોક બહાર આવી જાય, મનમાં કંઈ જ શોક બાકી ન રહે ત્યારે જ મારા વચનોની એના ઉપર અસર થશે એટલે ભગવાન વચ્ચે કશું જ બોલ્યા નહીં.

અત્યાર સુધી અર્જુને પોતાને ધર્માત્મા માની યુદ્ધથી નિવૃત્ત થવા માટે જેટલી દલીલો કરી છે અને યુક્તિઓ આપી છે, એ બધી અર્જુનની દલીલોને જ સંસારમાં રચ્યાપચ્યા રહેલા લોકો સાચી સમજશે અને હવે પછી ભગવાન અર્જુનને જે વાતો સમજાવશે એને સાચી નહીં માને, એનું કારણ એ છે કે, જે મનુષ્ય જે સ્થિતિમાં હોય છે એ સ્થિતિની, એ કક્ષાની વાતને જ સાચી સમજે છે, એનાથી ઉંચી કક્ષાની વાત તેઓ સમજી શકતા નથી. અર્જુનના હૈયામાં કૌટુંબિક મોહ છે અને એ મોહમાં બંધાઈને જ ધર્મની અને સાધુતાની સારી સારી વાતો કહી રહ્યા છે, એટલે જે લોકોના હૈયામાં કૌટુંબિક મોહ હોય છે એ લોકોને જ અર્જુનની વાતો સારી લાગશે પરંતુ ભગવાનની દ્રષ્ટિ જીવના કલ્યાણ તરફ જ હોય છે કે એનું કલ્યાણ કેવી રીતે થાય? ભગવાનની આ ઉંચી કક્ષાની દ્રષ્ટિને એ લૌકિક દ્રષ્ટિવાળા લોકો સમજી શકતા નથી એટલે એ ભગવાનની વાતોને બરાબર નહીં માને પરંતુ એવું માનશે કે અર્જુન માટે યુદ્ધરૂપી પાપથી બચવું એ બહુ જ સાચું હતું પરંતુ ભગવાને તેમને યુદ્ધમાં જોડી બરાબર ના કર્યું.

વાસ્તવમાં ભગવાને અર્જુન પાસે યુદ્ધ કરાવ્યું નથી પરંતુ તેમને પોતાના કર્તવ્યનું જ્ઞાન કરાવ્યું છે. યુદ્ધ તો અર્જુનને કર્તવ્યરૂપે આપમેળે જ મળ્યું હતું એટલે યુદ્ધનો વિચાર તો અર્જુનનો પોતાનો જ હતો. તેઓ પોતે જ યુદ્ધ માટે પ્રવૃત્ત થયા હતા અને તેથી જ તેઓ ભગવાનને આમંત્રણ આપીને લાવ્યા હતા પરંતુ એ વિચારને પોતાની બુદ્ધિથી અનિષ્ટકારક સમજીને તેઓ યુદ્ધથી દૂર જઈ રહ્યા હતા, આથી જ ભગવાને કહ્યું કે આ જે તૂં યુદ્ધ નહીં કરવા ઈચ્છે છે એ તારો મોહ છે. આથી સમય પર જે કર્તવ્ય આપમેળે પ્રાપ્ત થયું છે એનો ત્યાગ કરવો યોગ્ય નથી.

વાસ્તવમાં યુદ્ધ થવાનું અનિવાર્ય હતું કારણ કે બધાનું આયુષ્ય પૂરૂં થઈ ચૂક્યું હતું એને કોઈપણ ટાળી શકવાનું નહોતું. ભગવાને પોતે વિશ્વરૂપ દર્શન વખતે અર્જુનને કહ્યું કે હું વૃદ્ધિ પામેલો કાળ છું અને બધાનો નાશ કરવા માટે અહી આવ્યો છું એટલે કે તૂં યુદ્ધ નહીં કરે તો પણ આ વિરોધપક્ષમાં ઉભેલા યોદ્ધાઓ બચશે નહી.(૧૧/૩૨) એટલે આ નરસંહાર અવશ્ય થવાનો જ હતો. આ નરસંહાર અર્જુન યુદ્ધ ના કરત તો પણ થાત. જો અર્જુન યુદ્ધ ના કરત તો જેમણે માતાની આજ્ઞાથી દ્રોપદીની સાથે પોતાના સહિત પાંચેય ભાઈઓનો વિવાહ કરવાનું સ્વીકારી લીધું હતું એ યુધિષ્ઠિર તો માતાની યુદ્ધ કરવાની આજ્ઞાથી અવશ્ય યુદ્ધ કરત જ. ભીમસેન પણ યુદ્ધથી પાછો ના હટત કેમકે એમને કૌરવોને મારવાની પ્રતિજ્ઞા કરી રાખી હતી. દ્રોપદીએ તો ત્યાં સુધી કહી દીધું હતું કે જો મારા પતિ પાંડવો કૌરવો સાથે યુદ્ધ નહીં કરે તો મારા પિતા દ્રુપદ, મારા ભાઈ ધૃષ્ટદ્યુમ્ન અને મારા પાંચેય પૂત્રો તથા અભિમન્યુ કૌરવો સાથે યુદ્ધ કરશે. આ રીતે એવાં કેટલાંય કારણો હતાં જેથી યુદ્ધને ટાળવું સંભવ નહોતું.

થનારને રોકવાનું મનુષ્યના હાથની વાત નથી પરંતુ




પોતાના કર્તવ્યનું પાલન કરીને મનુષ્ય પોતાનો ઉદ્ધાર કરી શકે છે અને કર્તવ્યથી હટી જઈને પોતાનું પતન કરી શકે છે. મનુષ્ય પોતાનું ઈષ્ટ-અનિષ્ટ કરવામાં સ્વતંત્ર છે એટલા માટે ભગવાને અર્જુનને કર્તવ્યનું જ્ઞાન કરાવીને મનુષ્યમાત્રને ઉપદેશ આપ્યો છે કે એણે શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે પોતાના કર્તવ્યના પાલનમાં તત્પર રહેવું જોઈએ, એમાંથી ક્યારેય હટી જવું જોઈએ નહીં.

આગળના શ્લોકમાં અર્જુને પોતાની દલીલોનો અંતિમ નિર્ણય સંભળાવી દીધો. ત્યારપછી અર્જુને શું કર્યું? એ વાત સંજય હવે પછીના શ્લોક (૧/૪૭) માં કહે છે.

સંજય ઉવાચ..
એવમુક્ત્વાર્જુનઃ સંખ્યે રથોપસ્થ ઉપાવિશત્
વિસૃજ્ય સશરં ચાપં શોકસંવિગ્નમાનસઃ

આમ કહીને શોકથી ઉદ્વિગ્ન મનવાળા અર્જુન બાણસહિત ધનુષ્ય ત્યજીને રણભૂમિમાં રથના મધ્યભાગમાં બેસી ગયા. યુદ્ધ કરવા એ બધા અનર્થોનું મૂળ છે. યુદ્ધ કરવાથી અહી કુટુંબીઓનો નાશ થશે, પરલોકમાં નરકની પ્રાપ્તિ થશે વગેરે વાતોને તર્ક અને પ્રમાણથી કહીને શોકથી અત્યંત વ્યાકુળ મનવાળા અર્જુને યુદ્ધ નહીં કરવાનો પાકો નિર્ણય કરી દીધો. જે રણભૂમિમાં તે હાથમાં ધનુષ્ય લઈને ઉત્સાહ સાથે આવ્યા હતા, એ જ રણભૂમિમાં તેમણે પોતાના ડાબા હાથમાંથી ગાંડીવ ધનુષ્યને અને ડાબા હાથમાંથી બાણને નીચે મુકી દીધું અને પોતે રથના મધ્યભાગમાં એટલે કે બંન્ને સેનાઓને જોવા માટે જ્યાં ઉભા હતા ત્યાં જ શોકમુદ્રામાં બેસી ગયા.

અર્જુનની એવી શોકથી વ્યાકુળ દશા થવામાં મુખ્ય કારણ છે-ભગવાનનું ભીષ્મ અને દ્રોણની સામે રથ ઉભો રાખીને અર્જુનને કુરૂવંશીઓને જોવા માટે કહેવું અને એમને જોઈને અર્જુનની અંદર છુપાયેલા મોહનું જાગ્રત થવું. મોહ જાગૃત થતાં અર્જુન કહે છે કે યુદ્ધમાં અમારા કુટુંબીઓ મરાશે. કુટુંબીઓનું મરવું એ જ મોટા નુકશાનની વાત છે. દુર્યોધન વગેરે તો લોભના લીધે નુકશાન તરફ જોતા નથી પરંતુ યુદ્ધથી કેટલી અનર્થની પરંપરા શરૂ થશે- એ તરફ ધ્યાન આપીને અમારે એવા પાપથી નિવૃત્ત થઈ જવું જોઈએ. અમે લોકો રાજ્ય અને સુખના લોભથી કુળનો સંહાર કરવા માટે રણભૂમિમાં ઉભા થઇ ગયા છીએ- એ અમે ઘણી મોટી ભૂલ કરી! માટે યુદ્ધ ના કરતા એવા શસ્ત્રરહિત મને જો સામે ઉભેલા યોદ્ધાઓ મારી પણ નાખે તો એનાથી મારૂં કલ્યાણ જ જશે. આ રીતે અંતઃકરણમાં મોહ છવાઇ જવાને લીધે અર્જુન યુદ્ધથી ઉપરત થવામાં અને પોતે મરી જવામાં પણ હિત જુવે છે અને અંતે એ જ મોહના કારણે બાણ સહિત ધનુષ્યનો ત્યાગ કરીને વિષાદમગ્ન થઇને બેસી જાય છે. આ મોહનો જ મહિમા છે કે જે અર્જુન ધનુષ્ય ઉઠાવીને યુદ્ધના માટે તૈયાર થઇ રહ્યા હતા તે જ અર્જુન ધનુષ્ય નીચે મુકી દઈને શોકથી અત્યંત વ્યાકુળ થઇ રહ્યા છે..!

''આ રીતે ૐ તત્ સત્-એ ભગવાનના નામોના ઉચ્ચારણ સાથે બ્રહ્મવિદ્યા અને યોગશાસ્ત્રમય શ્રીમદ્ ભગવદગીતોપનિષદરૂપી શ્રીકૃષ્ણાર્જુનસંવાદમાં અર્જુનવિષાદયોગ નામનો પહેલો અધ્યાય પુરો થયો.''

''દરેક અધ્યાયની સમાપ્તિમાં મહર્ષિ વેદવ્યાસજીએ જે ઉપર મુજબની પુષ્પિકા લખી છે એમાં શ્રીમદ્ ભગવદગીતાના વિશેષ માહાત્મ્ય અને પ્રભુત્વને જ પ્રગટ કર્યું છે. ૐ તત્ સત્-એ ત્રણેય સચ્ચિદાનંદઘન પરમાત્માનાં પવિત્ર નામો છે, એ માત્ર જીવોનું કલ્યાણ કરનારાં છે અને એનું ઉચ્ચારણ પરમાત્માની સન્મુખ કરે છે અને શાસ્ત્રમાં જણાવેલ કર્તવ્યકર્મોના અંગભૂત દોષોને દૂર કરે છે તેથી ગીતાના અધ્યાયનો પાઠ કરવામાં શ્લોક-પદ અને અક્ષરોના ઉચ્ચારમાં જે જે ભૂલો થઇ છે એનું શુદ્ધિકરણ કરવા માટે અને સંસારથી સબંધ વિચ્છેદપૂર્વક ભગવત્સબંધની યાદ આવવા માટે દરેક અધ્યાયના અંતે ૐ તત્ સત્-નું ઉચ્ચારણ કરવામાં આવ્યું છે.''

જેનામાં સંપૂર્ણ ઐશ્વર્ય, ધર્મ, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય આ છ ભગ નિત્ય વિદ્યમાન રહે છે એવા ભગવાનને મુખેથી નીકળેલી હોવાના કારણે આને શ્રીમત્ ભગવત્ કહેવાયેલ છે. જ્યારે મનુષ્ય મસ્તીમાં, આનંદમાં હોય ત્યારે એના મુખમાંથી આપોઆપ ગીત નીકળે છે. ભગવાને એને મસ્તીમાં આવીને ગાઈ છે આ કારણથી એનું નામ ગીતા છે. એમાં તમામ ઉપનિષદોનું સારતત્વ સંગૃહિત છે અને એ પોતે પણ ભગવદવાણી હોવાથી ઉપનિષદસ્વરૂપ છે તેથી એને ઉપનિષદ કહેવાયું છે. વર્ણ, આશ્રમ, સંપ્રદાય વગેરેનો આગ્રહ નહી રાખીને પ્રાણીમાત્રનું કલ્યાણ કરનારી સર્વશ્રેષ્ઠ વિદ્યા હોવાના કારણે એનું નામ બ્રહ્મવિદ્યા છે. આ બ્રહ્મવિદ્યાસ્વરૂપ કર્મયોગ, જ્ઞાનયોગ, ધ્યાનયોગ, ભક્તિયોગ વગેરે યોગ સાધનોનું શિક્ષણ આપવામાં આવ્યું છે જેથી સાધકને પરમાત્માની સાથેના નિત્ય સબંધનો અનુભવ થઈ જાય એટલા માટે આને યોગશાસ્ત્ર કહેવામાં આવ્યું છે.

''આ સાક્ષાત પુરૂષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ અને ભક્તોમાં મુખ્ય એવા અર્જુનનો સંવાદ છે. અર્જુને નિઃસંકોચ ભાવથી વાતો પુછી છે અને ભગવાને ઉદારતાપૂર્વક એમના જવાબો આપ્યા છે. આ બંન્નેયના ભાવ તેમાં છે આ કારણથી એ બંન્નેયના નામથી આ ગીતાશાસ્ત્રનું વિશેષ મહત્વ હોવાથી એને શ્રીકૃષ્ણાર્જુન સંવાદ એવા નામથી ઓળખાવ્યું છે. દરેક અધ્યાયના અંતમાં પુષ્પિકા આપવાનું તાત્પર્ય એ છે કે જો સાધક એક અધ્યાયનું પણ સારી રીતે મનન-ચિંતન કરે તો તે એક જ અધ્યાયથી તેનું કલ્યાણ થઈ જશે.''

# ૧૦ જાન્યુઆરી, ''વિશ્વ હિંદી દિવસ''

**સ**મગ્ર વિશ્વમાં ૧૦ જાન્યુઆરીનાં રોજ દર વર્ષે 'વિશ્વ હિન્દી દિવસ' ઊજવવામાં આવે છે. હિન્દી દુનિયામાં સૌથી વધુ બોલવામાં આવતી ત્રીજી ભાષા છે. હિન્દી વિશ્વની પ્રાચીન, સમૃદ્ધ અને અત્યંત સરળ ભાષા છે. હિન્દી ભારતની રાષ્ટ્રભાષા મનાય છે. ભારત અને બીજા દેશોમાં કોરોડોની સંખ્યામાં લોકો હિંદી બોલતા, વાંચતા શીખે છે અને લખે પણ છે.

હિંદી ભારતની જ નહીં પણ આખા વિશ્વમાં એક વિશાળ ક્ષેત્ર અને જનસમૂહની ભાષા છે. ૧૯૫૨માં ઉપયોગ કરાતી ભાષાના આધારે આ વિશ્વમાં પાંચમાં ક્રમાકે હતી. ૧૯૮૦ની આસપાસ તે ચીની અને અંગ્રેજી પછી ત્રીજા સ્થાન પર આવી ગઈ. આજે તમામ વિદેશી કંપનીઓ પણ હિન્દી ભાષાને પ્રોત્સાહન આપી રહી છે. દુનિયાનું સૌથી મોટું સર્ચ એન્જિન અંગ્રેજી ઉપરાંત હવે ભારતની હિન્દી ઉપરાંત અન્ય ક્ષેત્રીય ભાષાને મહત્ત્વ આપી રહ્યું છે. ઈ-કોમર્સ સાઈટ એમેઝોન ઈન્ડિયાએ પોતાની હિન્દી એપ લોન્ચ કરી છે. OLX, Quiker જેવા પ્લેટફોર્મ પહેલાથી જ હિન્દીમાં ઉપલબ્ધ છે. સ્નેપડીલ પણ હિન્દીમાં વિકલ્પ આપે છે અને હવે તો લિંકડીન પણ હિન્દી ભાષા અપનાવી રહ્યું છે. આ સાથે આર્ટીફિશિયલ ઈન્ટેલીજન્સ ધરાવતી બધી જ એપ્સમાં હિન્દી સાથે અન્ય ક્ષેત્રીય ભાષાઓમાં પણ કાર્ય થઈ શકે છે. દક્ષિણ પ્રશાંત મહાસાગરનાં મેલાનેશિયામાં ફિજી નામનો એક ટાપુ છે. ફિજીમાં હિન્દીને આધિકારિક ભાષાનો દરજ્જો આપવામાં આવ્યો છે. તેને ફિજિયન હિન્દી કે ફિજિયન હિન્દુસ્તાની પણ કહે છે. આ ભાષા અવધી, ભોજપુરી અને અન્ય બોલીઓનું મિશ્રણ છે. આ ઉપરાંત, પાકિસ્તાન, નેપાળ, બાંગ્લાદેશ, અમેરિકા, બ્રિટન, જર્મની, ન્યૂઝીલેન્ડ, સંયુક્ત અરબ અમીરાત, યુગાન્ડા, સુરીનામ, ટ્રિનિદાદ, મોરેશિયસ અને દક્ષિણ આફ્રિકા સહિત અનેક દેશોમાં હિન્દી ભાષા બોલવામાં આવે છે.




વર્ષ ૨૦૧૭માં ઓક્સફોર્ડ ડિક્શનરીમાં પ્રથમ વખત 'અચ્છા', 'બડા દિન', 'બચ્ચા' અને 'સૂર્ય નમસ્કાર' જેવા હિન્દી શબ્દોનો સમાવેશ કરાયો હતો.

હિન્દી ભાષા દેશની રાષ્ટ્રભાષા તરીકે પસંદ થઈ તે સમયે દેશનાં પહેલા પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુ હતાં અને તેમણે કહ્યું હતું કે આ દિવસનાં મહત્ત્વને જોતા દર વર્ષે 'હિન્દી દિવસ' તરીકે ઉજવણી થાય. ભારતમાં પહેલો હિન્દી દિવસ ૧૪ સપ્ટેમ્બર, ૧૯૫૩નાં રોજ ઉજવવામાં આવ્યો હતો ત્યારથી લઈને અત્યાર સુધી ભારતમાં દર વર્ષે ૧૪ સપ્ટેમ્બરનાં રોજ 'હિન્દી દિવસ' તરીકે ઉજવાય છે. ૧૯૧૮માં હિન્દી સાહિત્ય સંમેલનમાં ભારતનાં રાષ્ટ્રપતિ મહાત્મા ગાંધીએ હિન્દી ભાષાને રાષ્ટ્રભાષા બનાવવા માટે પહેલ કરી હતી. આજે ભારતની બે વ્યવહારિક ભાષાઓ હિન્દી અને અંગ્રેજી કહેવાય છે.

ભાષા એ દરેકનાં મનની આશાને પૂરી કરે છે. ભાષા થકી સૌ અતંરમનનાં વિચારો, વ્યવહારો થકી પ્રગટ કરે છે. ભાષા એ કોઈ એક દિશામાંથી બીજી દિશાને જોડતો પૂલ છે. એ ક્યારેય તારી કે મારી નથી હોતી. એ હંમેશા આપણી હોય છે, અમારી હોય છે. ભાષા થકી અભિવ્યક્તિ શક્ય બને છે. ભાષાનો હંમેશા સત્કાર, જય જય કાર કરવો જોઈએ.

- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

# સ્પોર્ટ્સ ન્યુઝ

## મિઝોરમ ક્રિકેટ માટે મોટો ઝટકો

# પેવેલિયન પરત ફરતી વખતે ક્રિકેટરનું હૃદયરોગના હુમલાથી નિધન થયું

### પૂર્વ રણજી ક્રિકેટર કે. લાલરેમરૂઆટા બેટિંગ બાદ પેવેલિયન પરત ફરી રહ્યો હતો ત્યારે અચાનક પડી ગયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯:** ભારતીય ક્રિકેટજગતમાં એક દુખદ સમાચાર સામે આવ્યા છે. મિઝોરમના પૂર્વ રણજી ક્રિકેટર કે. લાલરેમરૂઆટાનું ગુરૂવારે મેદાન પર નિધન થઈ ગયું. સ્થાનિક ક્રિકેટ મેચ દરમિયાન હાર્ટ એટેક આવવાને કારણે તેમણે જીવ ગુમાવ્યો છે. આ ઘટનાથી ન માત્ર મિઝોરમ પરંતુ ક્રિકેટ જગતમાં શોકની લહેર છવાઈ છે. ૩૮ વર્ષીય કે. લાલરેમરૂઆટા એક સ્થાનિક સેકેન્ડ ડિવિઝન ટૂર્નામેન્ટમાં વેંગનુઆઈ રેડર્સ ક્રિકેટ ક્લબ તરફથી રમી રહ્યો હતો. જાણકારી બાદ તે બેટિંગ કરી પેવેલિયન પરત ફરી રહ્યો હતો, ત્યારે અચાનક તબીયત બગડી હતી. મેદાન પર તે પડી ગયો. ત્યારબાદ તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. શરૂઆતી જાણકારીમાં સામે આવ્યું કે તેનું મોત હાર્ટ એટેકને કારણે થયું છે.



કે. લાલરેમરૂઆટા મિઝોરમ ક્રિકેટમાં જાણીતું નામ હતું. તેમણે બે વખત રણજી ટ્રોફીમાં મિઝોરમનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ સિવાય તે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં પણ સાત મેચ રમી ચૂક્યો છે. ઘરેલું ક્રિકેટની સાથે તે સ્થાનિક ક્લબ તરફથી રમી રહ્યો હતો અને યુવાઓને પ્રેરણા આપી રહ્યો હતો. મિઝોરમ ક્રિકેટ સંઘ (MCA) એ તેમના નિધન પર દુખની લાગણી વ્યક્ત કરી છે. સંઘે પોતાના નિવેદનમાં કહ્યુ કે આ મિઝોરમ ક્રિકેટ માટે અપૂર્ણીય ક્ષતિ છે. MCA એ કહ્યુ- અમે કે. લાલરેમરૂઆટાના પરિવાર પ્રત્યે શોકની લાગણી વ્યક્ત કરીએ છીએ. ઈશ્વર તેમને આ દુખ સહન કરવાની શક્તિ આપે. સંઘ અનુસાર લાલરેમરૂ આટા હંમેશા સમર્પિત ખેલાડી રહ્યો છે. મિઝોરમના ખેલ અને યુવા સેવા મંત્રી લાલધિંગલોવા હમારે પણ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે મેચ દરમિયાન લાલરેમરૂઆટાને શ્વાસ લેવામાં મુશ્કેલી થઈ રહી હતી અને ત્યારબાદ તેઓ પડી ગયા. મંત્રીએ કહ્યુ- એક ક્રિકેટ મેચ દરમિયાન આ રીતે ખેલાડીને ગુમાવવો દુખદ છે. મારી સંવેદનાઓ તેમના પરિવાર, મિત્રો અને ક્રિકેટ સમુદાય સાથે છે.

# અય્યર ૧૧ જાન્યુઆરીના રોજ રમાનારી મેચમાં રમશે કે નહીં

### ટીમ ઈન્ડિયાના સુપરસ્ટાર બેટર શ્રેયસ અય્યરને હવે સેન્ટર ઓફ એક્સેલન્સમાંથી ફિટનેસ રિપોર્ટ મળી ગયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯:** ટીમ ઈન્ડિયાના વનડે વાઈસ-કેપ્ટન શ્રેયસ અય્યરને ઓસ્ટ્રેલિયા સામેની અંતિમ વનડે દરમિયાન ઈજા થઈ હતી. ત્યારબાદ તેણે ઘણા દિવસો હોસ્પિટલમાં વિતાવ્યા હતા. હવે અય્યર ટીમ ઈન્ડિયામાં પાછો ફરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. અય્યરને ન્યૂઝીલેન્ડ સામેની વનડે સીરિઝ માટે પસંદ કરવામાં આવ્યો છે, ત્યારે હવે અય્યરની ફિટનેસને લઈને મહત્ત્વપૂર્ણ અપડેટ સામે આવી છે. આ દરમિયાન અય્યર ૧૧ જાન્યુઆરીના રોજ રમાનારી મેચમાં રમશે કે નહીં, આ સવાલનો જવાબ હવે મળી ગયો છે. ટીમ ઈન્ડિયાના સુપરસ્ટાર બેટર શ્રેયસ અય્યરને હવે સેન્ટર ઓફ એક્સેલન્સમાંથી ફિટનેસ રિપોર્ટ મળી ગયો છે. આ સાથે તેનો પુનર્વસન પણ સમાપ્ત થઈ ગયો છે. મીડિયા અહેવાલ અનુસાર, સેન્ટર ઓફ એક્સેલન્સના વડા વીવીએસ લક્ષ્મણે ટીમ ઈન્ડિયાના મુખ્ય પસંદગીકાર અજિત અગરકરને ઈમેલ કરીને આ વાતની જાણ કરી છે.



અય્યરને હવે COEની કેરમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યો છે. ફિટનેસ રિપોર્ટ અનુસાર, અય્યર હવે પ્રથમ ODIમાં પસંદગી માટે ઉપલબ્ધ રહેશે. અય્યર ૧૧ જાન્યુઆરીના રોજ🚶 મેચમાં રમતો જોવા મળશે. અય્યરે મેદાન પર શાનદાર વાપસી કરીને પોતાને સાબિત કર્યો છે.

૬ જાન્યુઆરીએ શ્રેયસ અય્યર મુંબઈ ક્રિકેટ ટીમ માટે વિજય હજારે ટ્રોપી ૨૦૨૫-૨૬માં રમ્યો હતો. જ્યાં અય્યર શાનદાર પ્રદર્શન કર્યું હતું. જેથી સ્પષ્ટ થઈ ગયું હતું કે, અય્યર હવે તેના જૂના ફોર્મમાં મેદાનમાં કમબેક કરવા માટે તૈયાર છે.

આ ૩ વનડે મેચ બાદ અય્યર હવે ભારતીય ટીમ માટે IPL 2026 પછી રમતો જોવા મળશે. જોકે, હાલ અય્યર ટીમ ઈન્ડિયા માટે વનડે ફોર્મેટમાં જ રમતો દેખાશે. તેવામાં અય્યર માટે ન્યુઝીલેન્ડ સામે વનડે સીરિઝ અતિ મહત્ત્વની માનવામાં આવે છે.

# ટીમ ઈન્ડિયાને મોટો ફટકો: ૨૦ વર્લ્ડ કપ પહેલા ન્યુઝીલેન્ડ સામેની શ્રેણીમાંથી તિલક વર્મા બહાર!

### ડાબોડી બેટ્સમેન તિલક વર્મા ન્યુઝીલેન્ડ સામે રમાનારી પાંચ મેચોની ટીર૦ શ્રેણીમાંથી બહાર થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૦૯:** ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની શરૂઆત પહેલા ભારતીય ક્રિકેટ ટીમને મોટો ઝટકો લાગ્યો છે. ડાબોડી બેટ્સમેન તિલક વર્મા ન્યુઝીલેન્ડ સામે રમાનારી ૫ મેચોની ટીર૦ શ્રેણીમાંથી બહાર થઈ ગયો છે. ટીર૦ વર્લ્ડ કપની તૈયારીઓ માટે આ શ્રેણી અત્યંત મહત્વની માનવામાં આવતી હતી, પરંતુ તિલક વર્માની ઈજાએ પસંદગીકારોની ચિંતા વધારી દીધી છે. મળતી માહિતી મુજબ, તિલક વર્મા રાજકોટમાં વિજય હઝારે ટ્રોફી રમી રહ્યો હતો. બુધવારે સવારે નાસ્તો કર્યા બાદ તેને અચાનક પેટમાં અસહ્ય દુખાવો ઉપડ્યો હતો. તેને તાત્કાલિક રાજકોટની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં વિવિધ સ્કેન કરવામાં આવ્યા હતા. રિપોર્ટમાં 'ટેસ્ટિક્યુલર ટોર્સન' ની પુષ્ટિ થઈ છે, જેના કારણે તેની તાત્કાલિક સર્જરી પણ કરવામાં આવી છે. હાલ તેની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. બીસીસીઆઈ ના સૂત્રોના જણાવ્યા અનુસાર, તિલક વર્માની સર્જરી સફળ રહી છે. જોકે તે ન્યુઝીલેન્ડ સામેની શ્રેણી ગુમાવશે, પરંતુ એવી આશા રાખવામાં આવી રહી છે કે ૭ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલા ટીર૦ વર્લ્ડ કપના મેગા ઈવેન્ટ સુધીમાં તે પૂરો ફિટ થઈ જશે.



હાલમાં પસંદગીકારો ન્યુઝીલેન્ડ શ્રેણી માટે તિલકના રિપ્લેસમેન્ટ તરીકે કોઈ અન્ય ખેલાડીના નામની જાહેરાત કરી શકે છે.

# લેન્ડ ફોર જોબ્સ' કૌભાંડમાં લાલુ પ્રસાદ યાદવને મોટો ઝટકો, સમગ્ર પરિવાર સામે આરોપો ઘડાયા

### લાલુ યાદવ અને તેમના પરિવારે ગુનાહિત સિન્ડિકેટ તરીકે કામ કર્યું હતું. આરોપીઓમાં વ્યાપક ગુનાહિત કાવતરું ઘડવામાં આવ્યું હોવાના સ્પષ્ટ સંકેતો છે: કોર્ટ



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯**

દિલ્હીની એક કોર્ટે લેન્ડ ફોર જોબ્સ કૌભાંડ કેસમાં આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવ, રાબડી દેવી, તેજસ્વી યાદવ અને અન્ય લોકો સામે આરોપો નક્કી થયા છે. કોર્ટે શુક્રવારે જણાવ્યું હતું કે લાલુ યાદવ અને તેમના પરિવારે ગુનાહિત સિન્ડિકેટ તરીકે કામ કર્યું હતું. આરોપીઓમાં વ્યાપક ગુનાહિત કાવતરું ઘડવામાં આવ્યું હોવાના સ્પષ્ટ સંકેતો છે.

સીબીઆઈ કેસ પ્રથમદર્શી રીતે જમીનના બદલામાં નોકરીઓ આપવાનું કાવતરું સ્થાપિત કરે છે. કોર્ટે ટ્રાયલ શરૂ થવાનો માર્ગ મોકળો કર્યો છે. લાલુ યાદવની પત્ની રાબડી દેવી, મીસા ભારતી અને પુત્ર તેજસ્વી યાદવ આ કેસમાં આરોપી છે.

ન્યાયાધીશ વિશાલ ગોગને આદેશ આપતાં જણાવ્યું હતું કે, "વાજબી શંકાના આધારે, કોર્ટને લાગે છે કે લાલુ યાદવે જાહેર રોજગારનો ઉપયોગ કરીને તેમના પરિવાર માટે સ્થાવર મિલકતો મેળવવા માટે સોદાબાજી કરવા માટે એક વ્યાપક કાવતરું ઘડ્યું હતું." કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે જો ચાર્જશીટ પર વિશ્વાસ કરવામાં આવે તો, લાલુને આ કેસમાં તેમના નજીકના સહયોગીઓનો પણ ટેકો મળ્યો હતો.

સીબીઆઈ દ્વારા આ કેસમાં દાખલ કરાયેલ ચાર્જશીટમાં જણાવાયું છે કે જ્યારે તેઓ ૨૦૦૪ થી ૨૦૦૯ સુધી રેલ્વે મંત્રી હતા, ત્યારે લાલુ યાદવે નોકરીઓના બદલામાં ઉમેદવારોને જમીન ભેટમાં આપી હતી. ચાર્જશીટમાં જણાવાયું છે કે જ્યારે તેઓ રેલ્વે મંત્રી હતા, ત્યારે તેમણે નિયમોનો ભંગ કર્યો હતો અને રેલ્વેમાં ગ્રુપ ડી ભરતીઓ કરી હતી, અને બદલામાં, ઉમેદવારોની જમીન લાલુ પ્રસાદ યાદવના પરિવાર અથવા તેમના નજીકના લોકોના નામે ટ્રાન્સફર કરવામાં આવી હતી.

૨૦૨૦ પછી, સીબીઆઈ અને EDએ નોકરી માટે જમીન કૌભાંડના સંદર્ભમાં બિહાર અને દિલ્હીમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. ત્યારબાદ, સીબીઆઈએ ૧૮ મે, ૨૦૨૨ ના રોજ કેસ નોંધ્યો. ૭ ઓક્ટોબર, ૨૦૨૨ ના રોજ, સીબીઆઈએ નોકરી માટે જમીન કૌભાંડમાં તેની પહેલી ચાર્જશીટ દાખલ કરી. જૂન ૨૦૨૪ માં, સીબીઆઈએ આ કેસમાં તેની અંતિમ ચાર્જશીટ દાખલ કરી. સીબીઆઈએ આ કેસમાં ૧૦૭ લોકોને આરોપી તરીકે નામ આપ્યા હતા, જેમાં ૩૮ લોકોનો સમાવેશ થાય છે જેમણે જમીન આપીને નોકરી મેળવી હતી. પાંચ આરોપીઓનું મૃત્યુ થયું છે. કોર્ટે હવે આ કેસમાં ૪૧ આરોપીઓ સામે આરોપો ઘડ્યા છે.

૨૦૦૪ ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ ગઠબંધન જીત્યું. આ ચૂંટણીમાં લાલુ યાદવની પાર્ટીએ ૨૪ બેઠકો જીતી હતી. આ બેઠકોના કારણે, લાલુ મનમોહન સિંહ સરકારમાં રેલ્વે મંત્રી બન્યા. લાલુના નજીકના સહયોગી રઘુવંશ પ્રસાદ સિંહને મનમોહન સિંહ સરકારમાં ગ્રામીણ વિકાસ મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. લાલુએ ૨૦૦૪ થી ૨૦૦૯ સુધી મનમોહન સિંહ સરકારમાં રેલ્વે મંત્રી તરીકે સેવા આપી હતી.

## ટ્રમ્પની ટેરિફની ધમકીઓ પર ભારતનો જવાબ

# ભારતની ઉર્જાનીતિ કોઈના દબાણમાં બદલાશે નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વારંવાર રશિયાથી ઓઈલ ખરીદવા મુદ્દે ભારતને ધમકી આપી રહ્યા છે. સાથે સાથે ભારત અને અમેરિકા વચ્ચે લાંબા સમયથી વાટાઘાટો છતાં હજુ સુધી ટ્રેડ ડીલ થઈ નથી. એવામાં અમેરિકાએ હવે ૫૦૦ ટકા ટેરિફ લગાવવાની ધમકી આપી છે. જેના ભારતીય વિદેશ મંત્રાલયે જવાબ આપ્યો છે કે ભારતની ઉર્જાનીતિ કોઈના દબાણમાં બદલાશે નહીં. અમે ૧૪૦ કરોડ લોકોના હિત માટે સસ્તા ઈંધણના સ્રોત શોધતા રહીશું. આ સિવાય ભારતે બાંગ્લાદેશ અને ચીન મુદ્દે જડબાતોડ જવાબ આપ્યો છે.

અમેરિકામાં આવતા અઠવાડિયે નવું બિલ લાવવાની તૈયારી છે. જેમાં રશિયાથી ઓઈલ ખરીદતા દેશો પર ૫૦૦ ટકા ટેરિફ લગાવવાની જોગવાઈ છે. જે મુદ્દે ભારતે કહ્યું છે કે આ બિલ પર અમે નજર રાખી રહ્યા છે. અમારી ઉર્જા ખરીદીની નીતિ પહેલેથી જ સ્પષ્ટ છે. અમે ગ્લોબલ માર્કેટમાં ઉતાર ચઢાવ તથા અમારી જરૂરિયાત પ્રમાણે નિર્ણય લઈએ છીએ. ભારત કોઈ પણ દેશથી ઓઈલ ખરીદવા માટે સ્વતંત્ર છે. અમે ૧૪૦ કરોડ લોકોની ઉર્જાની જરૂરિયાત સાથે કોઈ બાંધછોડ કરીશું નહીં.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે વધુમાં કહ્યું, કે અમેરિકા તરફથી આપવામાં આવી રહેલી જાણકારી સ્પષ્ટ નથી. ભારત અને અમેરિકા વચ્ચે ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫થી ગંભીર વાટાઘાટો ચાલી રહી છે. અમે આજે પણ એવી ડીલ માટે તૈયાર છીએ જેનાથી બંને દેશોને લાભ થાય. અમે એક સંતુલિત ટ્રેડ ડીલ માટે સતત મહેનત કરી રહ્યા છીએ.

વિદેશ મંત્રાલયે મોટું નિવેદન આપતા સ્પષ્ટ કર્યું છે, કે વર્ષ ૨૦૨૫માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ વચ્ચે ૮ વખત ટેલિફોનિક વાતચીત થઈ છે. નોંધનીય છે કે અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરીએ હાલમાં જ કહ્યું હતું, કે અમેરિકા ભારત સાથે ટ્રેડ ડીલ કરવા માટે તૈયાર હતું. પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્રમ્પને ફોન ન કર્યો. જેના કારણે ડીલ થઈ શકી નહીં. આ સિવાય વિદેશ મંત્રાલયે બાંગ્લાદેશ અંગે પણ મોટું નિવેદન આપ્યું. વિદેશ મંત્રાલયે કહ્યું, કે બાંગ્લાદેશ સરકાર લઘુમતીઓ પર થઈ રહેલા હુમલાના કેસમાં તાત્કાલિક કડક કાર્યવાહી કરવી જોઈએ. બાંગ્લાદેશમાં લઘુમતીઓમાં ભય અને અસુરક્ષાની ભાવના વધી રહી છે. સાંપ્રદાયિક ઘટનાઓને રોકવી તે ત્યાંના તંત્રની જવાબદારી છે.

પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં શકસગામ ખીણમાં ચીન દ્વારા થઈ રહેલા નિર્માણકાર્ય સામે પણ ભારતે વાંધો ઉઠાવ્યો છે. વિદેશ મંત્રાલયે કહ્યું છે, કે આ સંપૂર્ણ વિસ્તાર ભારતનું અભિન્ન અંગ છે. પાકિસ્તાન અને ચીન વચ્ચે ૧૯૬૩માં થયેલો કરાર ગેરકાયદે છે. ભારતે ક્યારેય આ કરારને માન્યતા નથી આપી. જમ્મુ કાશ્મીર અને લદાખ ભારતનો હિસ્સો છે. ચીન અને પાકિસ્તાનને આ વાતથી વારંવાર જણાવવામાં આવી છે. ભારતની જમીન પર પાકિસ્તાન ગેરકાયદે કબજો કર્યો છે અને ત્યાં કોઈ પણ પ્રકારનો વિદેશ હસ્તક્ષેપ સ્વીકાર્ય નથી. અમેરિકાએ હાલમાં જ રશિયાનું એક જહાજ સીઝ કર્યું છે. જેના પર ૩ ભારતીયો પણ સવાર હોવાના અહેવાલ અંગે વિદેશ મંત્રાલયે જવાબ આપ્યો છે, કે અમે સતત નજર રાખી રહ્યા છે.

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ બેઠકને સંબોધશે

# ૨૬ વર્ષમાં પહેલી વાર આ વખતનું સામાન્ય બજેટ રવિવારે રજૂ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯**

આ વર્ષે સંસદનું બજેટ સત્ર ૨૮ જાન્યુઆરીથી શરૂ થવાની ધારણા છે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ સતત નવમી વખત બજેટ રજૂ કરશે. મળતી માહિતી મુજબ, આ વખતે બજેટ ૧ ફેબ્રુઆરી, રવિવારના રોજ રજૂ કરવામાં આવશે.

સંસદીય બાબતોની કેબિનેટ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલા સંભવિત કાર્યક્રમનો ઉલ્લેખ કરતા અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું કે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ૨૮ જાન્યુઆરીએ સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધન કરશે.

નવા વર્ષના પ્રથમ સત્રના પહેલા દિવસે પરંપરાગત રીતે રાષ્ટ્રપતિનું ભાષણ હોય છે. જો કે, બીટિંગ રિટ્રીટ સમારોહને કારણે ૨૯ જાન્યુઆરીએ બંને ગૃહોની બેઠક નહીં મળે. ૩૦ જાન્યુઆરીએ સંસદ ફરી મળશે, જ્યારે આર્થિક સર્વે રજૂ થવાની ધારણા છે. આ પછી, લોકસભા અને રાજ્યસભા ૩૧ જાન્યુઆરીએ મળશે નહીં. કેન્દ્રીય બજેટ રવિવાર, ૧ ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવશે.

રાષ્ટ્રપતિના અભિભાષણ અને કેન્દ્રીય બજેટ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા બાદ ૧૩ ફેબ્રુઆરીએ સંસદ લગભગ એક મહિનાના વિરામ માટે સ્થગિત કરવામાં આવશે. સંસદ ૦૯ માર્ચે ફરી શરૂ થશે અને સેશન ગુરુવાર, ૦૨ એપ્રિલે સમાપ્ત થશે.

અધિકારીઓએ જણાવ્યું કે, સામાન્ય રીતે સંસદનું સત્ર શુક્રવારે સ્થગિત થાય છે પરંતુ ૩ એપ્રિલે ગુડ ફ્રાઈ-ડે અને ત્યારબાદના વિકેન્ડને ધ્યાનમાં રાખીને સત્ર ૨ એપ્રિલે પૂર્ણ થઈ શકે છે. બીજીબાજુ, અગાઉ ફક્ત વર્ષ ૧૯૯૯ માં રવિવારના રોજ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. જો કે, હવે ૨૬ વર્ષ પછી ૨૦૨૬ માં પણ આવું થવા જઈ રહ્યું છે. નોંધનીય છે કે, વર્ષ ૨૦૧૬ સુધી બજેટ ૨૮ ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવતું હતું પરંતુ વર્ષ ૨૦૧૭માં મોદી સરકારે આ તારીખ બદલીને ૧ ફેબ્રુઆરી કરી.

# અમેરિકાને ડેનમાર્કની ખુલ્લી ધમકી: પહેલા ગોળી મારીશું, પછી વાત કરીશું...

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ડેનમાર્ક, તા.૦૯**

ગ્રીનલેન્ડ પર નજર જમાવીને બેઠેલા અમેરિકાને ડેનમાર્કે અત્યંત કડક શબ્દોમાં ચેતવણી આપી છે. ડેનમાર્કના રક્ષા મંત્રાલયે સ્પષ્ટ કહ્યું છે કે, "અમે સવાલ પૂછતા પહેલા ગોળી મારીશું." આ આકરું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ગ્રીનલેન્ડને હાંસલ કરવા માટે સૈન્ય બળના ઉપયોગને પણ એક વિકલ્પ તરીકે જોઈ રહ્યા છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ડેનમાર્કના રક્ષા મંત્રાલયે કહ્યું છે કે જો અમેરિકા ગ્રીનલેન્ડ પર આક્રમણ કરશે, તો અમે પહેલા ગોળી ચલાવીશું અને પછી સવાલ પૂછીશું. ખાસ વાત એ છે કે, ૧૯૫૨ના સૈન્ય નિયમો હેઠળ, ડેનમાર્કના સૈનિકોને ઉચ્ચ અધિકારીઓના આદેશ વિના પણ આક્રમણખોરો પર હુમલો કરવાનો અધિકાર છે.

વ્હાઈટ હાઉસે મંગળવારે કહ્યું કે પ્રમુખ ટ્રમ્પ ગ્રીનલેન્ડને મેળવવાના વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે અને આ લક્ષ્ય માટે અમેરિકન સેનાનો ઉપયોગ પણ તેમના વિકલ્પોમાં સામેલ છે. નિવેદનમાં કહેવાયું છે કે ટ્રમ્પ ગ્રીનલેન્ડને આર્કટિક ક્ષેત્રમાં અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા માટે મહત્વપૂર્ણ માને છે અને તેને રશિયા તથા ચીન જેવી શક્તિઓને રોકવા સાથે જોડીને જુએ છે.

વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે કહ્યું, "ટ્રમ્પે પહેલા જ સ્પષ્ટ કરી દીધું છે કે આર્કટિક ક્ષેત્રમાં વિરોધી શક્તિઓને રોકવા માટે ગ્રીનલેન્ડ અમેરિકા માટે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ છે."

# હિમાચલમાં મુસાફરો ભરેલી બસ ઊંડી ખીણમાં ખાબકી, ૮ લોકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**શીમલા, તા.૦૯**

હિમાચલ પ્રદેશમાં એક મોટી બસ દુર્ઘટનાના સમાચાર સામે આવ્યા છે. સિરમૌર જિલ્લાના હરિપુરધારમાં એક ખાનગી બસ ઊંડી ખીણમાં ખાબકતા આ અકસ્માતમાં ૮ લોકોના મોત થયા છે. જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે. બસ ખીણમાં ખાબકતા ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે બસ સંપૂર્ણપણે નાશ પામી હતી. મામલાની ગંભીરતા જોઈને એસપી સિરમૌર એનએસ નેગી ઘટનાસ્થળે રવાના થઈ ગયા છે. તેમણે કહ્યું કે લગભગ ૮ લોકોના મોતની માહિતી મળી છે. પોલીસે આ મામલે બચાવ કાર્ય શરૂ કરી દીધું હતું.

સિરમૌરના પોલીસ અધિક્ષક નિશ્ચિંત સિંહ નેગીએ જણાવ્યું હતું કે કુપવીથી શિમલા જતી એક ખાનગી બસ સિરમૌર જિલ્લાના હરિપુરધાર પાસે રસ્તા પરથી ઊંડી ખીણમાં જતાં આઠ લોકોના મોત થયા છે. મૃત્યુઆંક વધી શકે છે. બસમાં ૩૦-૩૫ લોકો સવાર હતા. વધુ માહિતીની રાહ જોવાઈ રહી છે. હું ઘટનાસ્થળે જઈ રહ્યો છું. પોલીસ અને અન્ય બચાવ ટીમો ઘાયલોને બચાવવાનો પ્રયાસ કરી રહી છે. શુક્રવારે બપોરે સિરમૌર જિલ્લાના હરિપુરધારમાં એક ખાનગી બસ અકસ્માતમાં આઠ લોકોના મોત થયા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા. બચાવ કામગીરી ચાલી રહી છે. ગંભીર રીતે ઘાયલ પાંચ દર્દીઓને સારવાર માટે હાયર સંગ્રાહ, દાદાહુ અને નાહાન લાવવામાં આવી રહ્યા છે. અકસ્માતનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

# માર્ગ અકસ્માત રોકવા માટે નીતિન ગડકરીનો માસ્ટર પ્લાન, વાહનો વચ્ચે V2V ટેક્નિક પર કામ શરૂ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૯**

દેશમાં વધી રહેલા માર્ગ અકસ્માતોને રોકવા માટે કેન્દ્ર સરકાર હવે એક અત્યાધુનિક ટેકનોલોજી લાવવાની તૈયારી કરી રહી છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જાહેરાત કરી કે સરકાર વાહન-થી-વાહન(V2V) સંચાર માટે વાયરલેસ ટેકનોલોજી લાવવા પર કામ કરી રહી છે, જે અકસ્માતોને રોકવામાં ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે.

આ V2V(વ્હીકલ-ટુ-વ્હીકલ) સંચાર ટેકનોલોજીની મદદથી, રસ્તા પર ચાલતા વાહનો એકબીજા સાથે સીધો સંવાદ કરી શકશે. આનાથી ડ્રાઈવરને આસપાસના અન્ય વાહનોની ગતિ, સ્થિતિ, બ્રેક લગાવવાની માહિતી અને ખાસ કરીને અચાનક નજર ન આવતી જગ્યા(બ્લાઈન્ડ સ્પોટ) પર રહેલા વાહનો વિશે રીઅલ-ટાઈમ એલર્ટ મળશે. આ એલર્ટ મળતા જ ડ્રાઈવર સમયસર જરૂરી પગલાં લઈ શકશે, જેનાથી અકસ્માતોની આશંકા નોંધપાત્ર રીતે ઘટશે.

આ ટેકનોલોજી સિમ કાર્ડ જેવી ચિપ દ્વારા કામ કરશે, જેને વાહનોમાં લગાવવામાં આવશે. જ્યારે કોઈ વાહનની ખૂબ નજીક અન્ય કોઈ વાહન આવશે, ત્યારે તરત જ એલર્ટ મળશે. આ ટેકનોલોજી ગાઢ ધુમ્મસ દરમિયાન એકબીજા સાથે અથડાતા વાહનો અને ઉભેલા વાહનો સાથે પાછળથી થતી ટક્કરને રોકવામાં અત્યંત અસરકારક સાબિત થશે.

નીતિન ગડકરીએ જણાવ્યું કે આ ઉદ્દેશ્ય માટે દૂરસંચાર વિભાગ સાથે એક સંયુક્ત કાર્યદળની રચના કરવામાં આવી છે. દૂરસંચાર વિભાગે ફરફ સંચાર માટે ૩૦ મેગાહર્ટ્ઝ સ્પેક્ટ્રમ(૫.૮૭૫-૫.૯૦૫ ગીગાહર્ટ્ઝ)ના ઉપયોગને સૈદ્ધાંતિક મંજૂરી પણ આપી દીધી છે. મંત્રાલયના સચિવ વી. ઉમાશંકરે જણાવ્યું કે આ ટેકનોલોજી હાલમાં અમુક જ દેશોમાં ઉપયોગમાં લેવાઈ રહી છે અને તેના પર લગભગ રૂ.૫,૦૦૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. શરૂઆતમાં, આ ટેકનોલોજીથી સજ્જ ઉપકરણો નવા વાહનોમાં લગાવવામાં આવશે અને ત્યારબાદ તબક્કાવાર રીતે તમામ વાહનોમાં તેને સામેલ કરવામાં આવશે.

દીવ ઘોઘલા બ્લુ ફ્લેગ બીચ પર આજે દીવ ટુરીઝમ વિભાગ દ્વારા

# કાઈટ ફેસ્ટિવલનું આયોજન, વિવિધ રંગબેરંગી અને ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ વાળી પતંગ ચગાવવામાં આવી



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) દીવ, તા. ૦૯**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના ઘોઘલા બ્લુ ફ્લેગ બીચ ખાતે હાલ ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ ૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તે દરમિયાન આજ રોજ ઘોઘલા બીચ પર દીવ પ્રશાસન દ્વારા કાઈટ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું.

આજે આર્ટ નાની દમણ દ્વારા કાઈટ ફેસ્ટિવલમાં વિવિધ રંગબેરંગી પતંગો આકાશમાં ચગાવવામાં આવ્યા ખાસ તો ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ ૨૦૨૬માં ૮ ગેમ્સ સ્પર્ધા યોજાઈ છે જે થીમ પર પણ પતંગ પર પીચક સેલાટ, બીચ સ્વિમિંગ, ટગ ઓફ વોર, બીચ કબડ્ડી, વગેરે તસવીર વાળી પતંગ પણ ચગાવવામાં આવી હતી. જે ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સના ખેલાડીઓને પણ પ્રોત્સાહન આપ્યું હતુ. આ પ્રસંગ સ્થાનિકો, ખેલાડીઓ અને પ્રવાસીઓએ પણ પતંગ ચગાવવાની મજા માણી હતી, આ સમગ્ર કાઈટ ફેસ્ટિવલનું આયોજન દીવ ટુરીઝમ વિભાગ દ્વારા આયોજિત કરવામાં આવ્યું હતું.

# ચીખલીના ટાંકલ ગામે શેરડી ભરેલા ટ્રેક્ટરના જોખમી સ્ટંટનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી,(વંકાલ), તા.૦૯**

સોશિયલ મીડિયાના જમાનામાં અત્યારે લોકોમાં રીલ્સ અને ફેમસ મેળવવાની ઘેલછા એટલી હદે વધી ગઈ છે કે તેઓ પોતાના જીવની સાથે અન્ય નિર્દોષ લોકોના જીવ પણ જોખમમાં મૂકતા અચકાતા નથી. આવો જ એક કિસ્સો ચીખલીના ટાંકલ ગામે એક ટ્રેક્ટર ચાલકે ખારેલ-ટાંકલ સ્ટેટ હાઈવે પર જાખમી સ્ટંટ કરતા સોશિયલ મીડિયામાં વિડીયો વાયરલ થવા પામ્યો હતો.

એક બેજવાબદાર ડ્રાઈવરની હરકતને કારણે સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા એક વીડિયોમાં જોઈ શકાય છે કે, શેરડીથી ખિચોખિચ ભરેલું એક ટ્રેક્ટર ખારેલ ટાંકલ સ્ટેટ હાઈવે પરથી પસાર થઈ રહ્યું હતું. દરમિયાન ટ્રેક્ટરના ડ્રાઈવરે તેને એક સ્પોર્ટ્સ બાઈકની જેમ આગળના બંને ટાયર હવામાં અધ્ધર કરી હંકારતા હોવાનો વિડીયો વાયરલ થવા પામ્યો હતો.

વીડિયોમાં સ્પષ્ટ પણે ટ્રેક્ટરમાં ક્ષમતા કરતા વધુ શેરડી ભરેલી હોય અને ટ્રેક્ટર પૂરેપૂરું ઓવરલોડ ચાલી રહ્યું છે. તેમ છતાં ડ્રાઈવરે ટ્રેક્ટરના આગળના ભાગને રોડથી ઊંચો કરી બે ટાયર પર ટ્રેક્ટર ચલાવીને રસ્તા પર જોખમી સ્ટંટ કરતા આસપાસથી પસાર થતા વાહનચાલકો આ દૃશ્ય જોઈને ફફડી ઉઠ્યા હતા.જોકે આ સમગ્ર ઘટનાનો વિડીયો સ્થાનિક રાહદારીએ પોતાના કેમેરામાં કેદ કરી લીધો હતો.

# ધરમપુર મોટી ઢોલડુંગરીમાં યુવાનો દ્વારા ફ્રેન્ડસ કપનું આયોજન કરાયું



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા. ૦૯**

ગઈકાલ તા.૦૮/૦૧/૨૦૨૬ ના દીને ધરમપુર તાલુકાના મોટીઢોલ ડુંગરી ગામના યુવાનો દ્વારા વાંકલ શ્રીજી ગ્રાઉન્ડ ખાતે ફ્રેન્ડસ કપ સીઝન ૧નું આયોજન કરવામાં આવ્યું હતુ.

જેમાં વિપ્સ ૧૧ વિજેતા રહી હતી અને બજરંગ ૧૧ રનર્સઅપ રહી હતી જેને સોનગઢ તાલુકા પંચાયત માજી પ્રમુખશ્રી યુસુભ ગામીત, કુમકુવા સામાજિક આગેવાનો નીતુભાઈ અને શ્રીજી ગ્રાઉન્ડના ઓનર કુલદીપ પઢિયારના હસ્તે ટ્રોફી અને રોકડ રકમ આપવામાં આવી હતી. આયોજનકર્તા શ્રી વિપુલ પવાર દ્વારા ખુબજ સરસ આયોજન કરવામાં આવ્યું હતું. જેથી ગામના યુવાનો એક મંચ પર આવી શકે અને ગામના કે આપણા આદિવાસી સમાજના લોકોને પડતી તખલીફમાં બધા એક જૂથ થઈ મદદ રૂપ થઈશુંની વાત યુવાનો દ્વારા કરવામાં આવી હતી.

# વાપીમાં માર્ગ સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને પતંગ વિતરણ કરાયા






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૦૯**

વલસાડ આરટીઓ કચેરી દ્વારા નગર પંચાયત હાઈસ્કુલ વાપીમાં માર્ગ સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમાનું પાલન કરવા સમજ આપી હતી. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન રૂપે 'રાહવીર' પ્રિન્ટેડ પતંગાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

# દાનહના ડોકમરડીમાં ચાલીની રૂમમાં યુવાને ફાંસો ખાઈ આત્મહત્યા કરી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) સેલવાસ, તા.૦૯**

સેલવાસના ડોકમરડી વિસ્તારમાં આવેલ નવીનભાઈની બિલ્ડીંગમાં ત્રણ દિવસ પહેલા મામાને ઘરે આવેલ યુવાને ઘરની અંદર જ ગળે ફાંસો લગાવી આત્મહત્યા કરી લીધી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર પ્રદીપ માહતો (ઉ.વ.૨૪) હાલ રહેવાસી રખોલી મૂળ રહેવાસી દરબંગા, બિહાર. જે ત્રણ દિવસ પહેલા જ એના મામા જેઓ ડોકમરડી નવીનભાઈની બિલ્ડીંગમાં રહે છે એમને ત્યાં રહેવા આવ્યો હતો. જેણે એના મામા નોકરી પર નીકળી ગયા બાદ રૂમનો દરવાજો બંધ કરીને લોખંડના એંગલ સાથે કપડું બાંધી ગળે ફાંસો લગાવી આત્મહત્યા કરી લીધી હતી.

જયારે પ્રદીપના મામા નોકરી પરથી પરત આવ્યા ત્યારે જોયું કે એમના ઘરનો દરવાજો અંદરથી બંધ છે જેથી બે ત્રણ વખત ઠોક્યો પણ કોઈ જ જવાબ ના મળતા આજુબાજુના લોકોને બોલાવી અને જોરમાં દરવાજાને ધક્કો મારતા દરવાજો ખુલી ગયો હતો અને અંદર જોતા પ્રદીપ ગળે ફાંસો ખાધેલી હાલતમાં લટકતો જોવા મળ્યો હતો. આ જોયા બાદ તાત્કાલિક સેલવાસ પોલીસને જાણ કરવામા આવી હતી. પોલીસ ટીમ આવી લાશનો કબજો લઈ પીએમ માટે નમો હોસ્પિટલમાં લઈ જવામા આવી હતી. આ ઘટના અંગેની ફરિયાદ નોંધી વધુ તપાસ સેલવાસ પોલીસ કરી રહી છે.

# વલસાડના ધનોરી ગામમાંથી અજાણ્યા મૃતકની લાશ મળી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૦૯**

વલસાડ તાલુકાના ધનોરી ગામમાં સ્વામિનારાયણ મંદિરની બાજુમાંથી ૫૫ થી ૬૦ વર્ષીય અજાણ્યા પુરુષની લાશ મળી આવી હતી. અજાણ્યા મૃતકના મોઢામાંથી સફેદ કલરનું ફીણ નિકળ્યું હતુ. શરીરે સફેદ કલરનો લાંબી બાયનો શર્ટ અને કાળા કલરનો પેન્ટ પહેર્યો હતો. જે શરીરે મધ્યમ બાંધો, ઘઉંવર્ણ અને પાંચ ફૂટ પાંચ ઈંચ ઉંચાઈ ધરાવે છે.

ડુંગરી પોલીસે અજાણ્યા મૃતકના વાલી વારસોની શોધખોળ કરી હતી. પરતુ કોઈ પત્તો લાગ્યો ન હતો. જેથી આ અજાણ્યા મૃતકના વાલી વારસોની કોઈ ભાળ મળે તો ડુંગરી પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

વર્તમાન પ્રવાહ'ના અહેવાલ બાદ સફાળા જાગેલા વન વિભાગે

# ચીખલીના ઢોલુમ્બર ગામમાં વૃક્ષ છેદનમાં તપાસ કરતા ખેરના લાકડાનો જથ્થો કબ્જે કર્યો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી,(વંકાલ), તા.૦૯**

તાલુકાના છેવાડાના ઢોલુમ્બર ગામમાં ઠેર ઠેર જમીન સમતલ કરવાના નામે ઈમારતી, બિન ઈમારતી વૃક્ષોનું મોટાપાયે નિકંદન થતું હોવાના અખબારી અહેવાલ બાદ વન વિભાગના સ્ટાફે ગામમાં તપાસ હાથ ધરી હતી. જેમાં બ્લોક નંબર ૯૪૩ વાળી જમીનમાંથી ખેરના વૃક્ષના ખૂંટ નંગ-૧૬નો ૦.૬૧૦ ઘન મીટરનો ૨૪,૦૯૫/- રૂપિયાનો જથ્થો કબજે કઈ નિશાળ ફળીયાના ખાતેદાર શંકરભાઈ નરસિંહભાઈ પટેલ સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી.


ચીખલીના ઢોલુમ્બરમાં જમીન સમતલ કરવાના નામે આડેધડ વૃક્ષોનું કરાઈ રહેલું નિકંદન, વન વિભાગ સક્રિયતા દાખવે તે જરૂરી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી,(વંકાલ), તા.૦૮

તાલુકાના ઢોલુમ્બર ગામમાં જમીન સમતલ કરવાના નામે ઘણી જગ્યાએ વૃક્ષોનું આડેધડ નિકંદન કરવામાં આવી રહ્યું છે. વનવિભાગની નિષ્ક્રિયતા વચ્ચે ઈમારતી અને બિન ઈમારતી વૃક્ષોનું ગેરકાયદેસર નિકંદન કરી પુરવાઓ નષ્ટ કરવા માટે કપાયેલા વૃક્ષોના થડને સળગાવી દેવાતા હોય છે. એટલે ખેરખર કયું ઝાડ કાપવામાં આવ્યું હતું. તેનો કોઈ પુરાવો ઉપલબ્ધ ન રહે.

વધુ ઢોલુમ્બર ગામમાં ખાનગી જમીનને લાગુ વન વિભાગ દ્વારા વનીકરણ કરવામાં આવેલ હોય તેવા પણ કેટલાક વિસ્તાર હોય આવી વનીકરણ કરવામાં આવેલ જમીનમાં પણ વૃક્ષોના નિકંદનની ગેર કાયદેસરની પ્રવૃત્તિ જોવા મળી રહી છે.

ઉપરોક્ત સ્થિતિમાં વનીકરણ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ માથે પડવા સાથે પર્યાવરણને પણ નુકસાન થઈ રહ્યું છે. ત્યારે વન વિભાગ દ્વારા સજાગતા દાખવી ઢોલુમ્બર ગામમાં આ રીતે કાપવામાં આવેલ ઝાડો પૈકી કેટલા ઈમારતી અને કેટલા બિન ઈમારતી છે. અને વનીકરણ કરવામાં આવેલ જમીનમાંથી કેટલા વૃક્ષો કપાયા છે. અને કોના દ્વારા કાપવામાં આવ્યા,એ જમીન ખરેખર ખેડૂત ખાતેદારની છે કે પછી વન વિભાગ હસ્તકની છે. તેની પણ તટસ્થ તપાસ કરી આ પ્રકારે વૃક્ષોના નિકંદનની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનારાઓ પર લગામ કસવામાં આવે તે જરૂરી છે.

**ગ્રામ પંચાયત પણ સક્રિયતા દાખવે તે જરૂરી છે :** તાલુકાના ઢોલુમ્બર, માંડવખડક, સારવણી સહિતના ગામોમાં આવેલ જંગલ વિસ્તારમાં વૃક્ષોના રોપાણ બાદ જરૂરી માવજત થાય અને આરક્ષિત વિસ્તારમાંથી ઈમારતી બિનઈમારતી વૃક્ષોનું ગેરકાયદેસર નિકંદન ન થાય અને જંગલ વિસ્તાર જળવાઈ રહે વૃક્ષોથી હર્યો ભર્યો રહે તે માત્ર વન વિભાગ દ્વારા જરૂરી તકેદારી રાખવામાં આવે તે આવશ્યક જણાઈ રહ્યું છે.

-તસ્વીરઃ દિપક સોલંકી

ઢોલુમ્બર ગામે હાલે ઘણી જગ્યાએ મોટાપાયે માટી-મોહરમનું ખોદકામ કરવામાં આવી રહ્યું છે. જેમાં ગ્રામ પંચાયત દ્વારા જમીન સમતલ કરવાનો ઠરાવ આપવામાં આવેલ હોય તેવા સંજોગોમાં જમીન સમતલ કરવાની આડમાં મોટી માત્રામાં માટી-મોહરમના જથ્થાનો વેપલો કરવામાં આવી રહ્યો છે.અને સમગ્ર મામલે ખાણ ખનીજ વિભાગના અધિકારીઓ ગાંધારીની ભૂમિકા ભજવી રહ્યા હોય તેવું ફલિત થવા પામ્યું છે. અને આ પ્રકારે જ્યાં ખોદકામ કરવામાં આવી રહ્યું છે. ત્યાં ઈમારતી-બિન ઈમારતી વૃક્ષોનું મોટાપાયે નિકંદન કરી પુરાવાનો નાશ કરવા માટે કપાયેલા ઝાડોના થડને પણ સળગાવી દેવામાં આવ્યા હતા.

ઢોલુમ્બર વિસ્તારમાં ખેડૂતોને નાની રકમ આપી માટી-મોહરમના વેપાર સાથે સંકળાયેલા વ્યક્તિઓ દ્વારા એકાદને બાદ કરતાં મોટે ભાગના માત્ર ગ્રામ પંચાયતના ઠરાવના આધારે જ ખોદકામ કરી, વેપાર કરી રોયલ્ટીમાં સરકારને પણ ચુનો ચોપડવામાં આવી રહ્યો છે. અને જેમાં ખાણ ખનીજ વિભાગના અધિકારીઓ ભૂમિકા સામે પણ અનેક સવાલો ઉભા થવા પામ્યા છે. ઉપરોક્ત કારભારમાં ગેરકાયદેસર વૃક્ષોના નિકંદનમાં ખેડૂતોને હાલાકી વેઠવાની નોબત આવી છે.

ઢોલુમ્બરના તલાટી કમ મંત્રી શ્રી સુરેશભાઈના જણાવ્યાનુસાર ગ્રામ પંચાયત દ્વારા જમીન સમતલ કરવા માટે ઠરાવ આપવામાં આવેલ છે.તે પૈકી એકની રોયલ્ટી છે.જ્યારે બીજાની પ્રક્રિયા હેઠળ હોય અમે તમામનું ખોદકામ બંધ કરાવી દીધેલ છે. અને ખાણ ખનીજ વિભાગને પણ જાણ કરેલ છે.

# વલસાડ જિલ્લા નિવૃત્ત કર્મચારી સેવા મંડળના સભ્યો ગાંધી ચિંધ્યા માર્ગે ધરણા કરશે

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો) વાપી, તા.૦૯**

સરકારના નિયમ મુજબ ૩૦ જૂને નિવૃત્ત થયેલા કર્મચારીઓને નેશનલ ઈજાફો મળવાપાત્ર હોવા છતાં પણ તારીખ:૧-૬-૨૦૦૬થી તારીખ ૧-૬-૨014 સુધીના નિવૃત્ત થયેલાં વલસાડ જિલ્લાના કર્મચારીઓને આ નોશનલ ઈજાફો મળેલ નથી.

આ બાબતે તારીખ ૮-૧૨-૨૦૨૫ના જાવક નંબર ૧૫૮ના પત્ર સંદર્ભે વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને જાણ કરવામાં આવેલ. પરંતુ આજદિન સુધીમાં વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તરફથી કોઈજ સંતોષકારક જવાબ ન મળતાં ના છૂટકે અમો વલસાડ જિલ્લા નિવૃત્ત કર્મચારી સેવા મંડળના હોદ્દેદારો તથા તમામ સભ્યો તારીખ:૧૨-૧-૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦થી સાંજના ૧૮:૦૦ કલાક સુધી ગાંધી ચિંધ્યા માર્ગે વલસાડ જિલ્લા પંચાયત કચેરીની સામે ધરણાનો કાર્યક્રમ આપશું. જ્યાં સુધી અમારા આ પ્રશ્નોનો ઉકેલ નહીં આવે ત્યાં સુધી અમારો આ કાર્યક્રમ અચોક્કસ મુદત સુધી ચાલુ રહેશે. અમારી આ 'લાગણી અને માગણી' વહેલી તકે સંતોષાય એવી આશા રાખીએ છીએ.

આ અંગેની જાણ શ્રી કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા નિરીક્ષક ભંડોળ હિસાબી અધિકારીશ્રી, વલસાડ જિલ્લા પોલીસ અધિકારીશ્રી, નિયામકશ્રી નાણાં વિભાગ ગાંધીનગર, પ્રમુખશ્રી ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારી સખાવતી મહામંડળ, ગાંધીનગર. વગેરેને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને લખેલાં પત્રની નકલ દ્વારા કરવામાં જાણ કરવામાં આવેલ છે.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM JANA GOURI LAXMIKANT TO **GOURIRANI JANA** AS PER DOCUMENT

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM PARMAR KAMLESHKUMAR VIJAYSINH TO **KAMLESH VIJAYSINH PARMAR** AS PER DOCUMENT

**CHANGE OF NAME**

I HAVE CHANGE OF MY NAME FROM HETAL TO NEW NAME **HETAL BHOGAYATA** **ADD.:** ROOM NO. 1, MANDIR GEUST HOUSE, R R KEBAL, KARAD, SILVASSA-396230, UT OF DNH&DD

**CHANGE OF NAME**

I HAVE CHANGE OF MY NAME FROM MANTHAN JITESH ARAMBHADIYA TO NEW NAME **MANTHAN HETAL BHOGAYATA** **ADD.:** ROOM NO. 1, MANDIR GEUST HOUSE, R R KEBAL, KARAD, SILVASSA-396230, UT OF DNH&DD

**વીજળીકૃત રેલ્વે પાટા પાસે પતંગ ઉડાણ અટકાવવા અંગે જાહેર સૂચના**

સામાન્ય જનતાને જાણ કરવામાં આવે છે કે **મુંબઇ ડિવિઝનના ચર્ચગેટ-વિરાર, વિરાર-સુરત અને ઉધના-જલગાંવ સેક્શન પર ઓવરહેડ ઇલેક્ટ્રિક વાયર દ્વારા રેલ્વે ટ્રેકને 25000વોલ્ટની એસી પર વીજળીકરણ કરવામાં આવ્યું છે.** એવું જોવામાં આવ્યું છે કે ઓવરહેડ ટ્રેક્શન વાયરમાંથી ગંઠાયેલ પતંગો અને પતંગના દોરાને દૂર કરવાની પ્રવૃત્તિઓ માનવ જીવનને નુકસાન પહોંચાડે છે અને જીવનું જોખમ ઊભું કરી શકે છે. **હેડ ટ્રેક્શન વાયર ઉપરથી 25000વોલ્ટની ફસાઇ ગયેલી પતંગોને દૂર કરતી વખતે, પતંગ-દોરા ઓવરહેડ ટ્રેક્શન વાયરને તૂટવાનું કારણ બની શકે છે, જેનાથી રેલ્વે ટાફિકમાં ગંભીર વિક્ષેપ થાય છે અને માનવ જીવનનું નુકસાન થાય છે.**

વધુમાં, એવું જોવામાં આવ્યું છે કે કેટલાક દોરામાં ધાતુના પાવડરનું કોટિંગ હોય છે, જે ઓવરહેડ ટ્રેક્શન વાયરની નજીકમાં પતંગ ઉડતી વખતે ઇલેક્ટ્રિક શોક અને માનવ જીવનને નુકસાન પહોંચાડે છે. તેથી, સામાન્ય જનતાને વિનંતી કરવામાં આવે છે કે તેઓ રેલ્વે ટ્રેકની નજીક પતંગ ઉડાડવાનું ટાળે રેલ્વેના હાઇ વોલ્ટેજ ટ્રેક્શન વાયરમાંથી પતંગ ન ઉડાડવાની યોગ્ય સલાહ આપવામાં આવે કારણ કે તેનાથી માનવ જીવન જોખમમાં આવી શકે છે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
0987

અમને લાઈક કરો: facebook.com/WesternRly | અમને ફોલો કરો: X.com/WesternRly

torrent POWER DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર ડીસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડ (ડીસ્ટ્રીબ્યુશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ, સબસ્ટેશન સામે દર્શાવેલ વિસ્તારોને વીજપૂરવઠો બંધ રહેશે. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સમય | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|---|
| ૧૨/૦૧/૨૦૨૬ સોમવાર | સવારના ૯ થી ૧૦.૩૦ | ૬૬ કેવી ભીમપોર | ૧૧ કેવી કુલડેક + જલન એક્સપ્રેસ | કુલડેક ઈન્ડ. પ્રા.લિ., જલન વાયર પ્રા. લિ. |
| | ૧૦ થી ૧૧.૩૦ | ૬૬ કેવી ભીમપોર | ૧૧ કેવી સ્વિટ્ઝ એન્ડ વિશાલ | સ્વિટ્ઝ ઈન્ટરનેશનલ પ્રા. લિ., વિશાલ એન્જિનિયરિંગ |
| | ૧૧ થી ૧૨.૩૦ | ૬૬ કેવી ભીમપોર | ૧૧ કેવી ભીમ પોલીફેબ | ભીમ પોલીફેબ ઈન્ડ., કંદુઈ ઈન્ડ પ્રા. લિ. યુનિટ - ૨ |
| | ૧૨ થી ૧.૩૦ | ૬૬ કેવી ભીમપોર | ૧૧ કેવી યુનિક એક્સપ્રેસ | યુનિક ફાર્માસ્યુટિકલ લેબ, જે.બી કેમિકલ્સ લિ. |

અસુવિધા બદલ દિલગીર છીએ.

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડ દ્વારા વરિષ્ઠ તથા દિવ્યાંગ નાગરિકો માટે નીચે મુજબની વિવિધ વીજ સેવાઓ ઘર આંગણે કોલ કરીને મેળવી શકાશે.

● વીજબીલમાં નામબદલી ● વીજજોડાણનાં સ્થળમાં ફેરફાર ● વીજભારમાં સુધારો ● નવા વીજજોડાણની અરજી ● વીજબીલની ચુકવણી

આપની સેવા માં હરહંમેશ હાજર
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

torrent POWER DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ, સબસ્ટેશન સામે દર્શાવેલ વિસ્તારોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૬:૦૦ કલાક દરમિયાન વીજપૂરવઠો બંધ રહેશે. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૧૬/૦૧/૨૦૨૬ શુક્રવાર | દાદરા | પીટીઆર -૧,૩,૫ | સીએમસી ગલી, ગ્રેઅર અને વેઈલ ગલી, સંદીપ ગલી અને કેનાલ વિસ્તાર, નોવા આઈ.ઈ., ડુગ્ગર, નીરો ફિલિક્સ વિસ્તાર અને શ્રદ્ધા આઈ.ઈ. વિસ્તાર, સિલવાસા-વાપી મુખ્ય માર્ગ વિસ્તાર, સાંઈ કોમ્પ્લેક્સ વિસ્તાર, દાદરા ગાર્ડન વિસ્તાર, ટાઉન વિસ્તાર, બ્લુસ્ટાર ગલી અને ગ્લોમોર આઈ.ઈ., ઉદ્યોગી સેફ્ટી ગલી, વલસાડ ફળિયા, ઓલ્ડ પ્રિન્સ પાઈપ વિસ્તાર, સ્પાઈરલ ફ્લેક્સ/નિશાત મોલ્ડિંગ વિસ્તાર, યુરો ડેકોર વિસ્તાર અને મહેન્દ્ર શાહ ડીટી વિસ્તાર, કોમ્યુનિટી હેલ્થ સેન્ટર (CHC દાદરા), રતન પેટ્રોલ પંપ વિસ્તાર, જરિયા મોરા, ઈશાન ઈન્ડસ્ટ્રીઝ, મેક્સવેલ ઈન્ડ., પરશુરામ પુરિયા વિસ્તાર, દુર્ગા મેટલ ઈન્ડ., પાન એશિયા ઈન્ડ. **૧૧ કેવી એક્સપ્રેસ ફીડરઃ** આર. કે. ફિલામેન્ટ, રામ રત્ન વાયર્સ, જીએમ પ્લાસ્ટ + સીએમસી, સરલા પરફોર્મન્સ + એરો ફાઈબર પ્રાઈવેટ લિમિટેડ, સનફાર્મા + ગ્રેઅર અને વેઈલ ઈન્ડિયા લિમિટેડ યુનિટ ૨, SRV સિન્થેટિક, કલ્પના ઈન્ડસ્ટ્રીઝ + બ્લુસ્ટાર, સિનફેબ, વાલ્સન, મદુરા, ભૂમિ યાનૃર્સ, ઈમરીઝ મિનરલ, એવરલોન (વિષ્ણુ લક્ષ્મી), ઈશાન, રુઈયા રેયોન + આર.એમ. નીટર **૬૬ કેવી ફીડરઃ** દામોદર ઈન્ડસ્ટ્રીઝ લિ. |

અસુવિધા બદલ દિલગીર છીએ.

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડ દ્વારા વરિષ્ઠ તથા દિવ્યાંગ નાગરિકો માટે નીચે મુજબની વિવિધ વીજ સેવાઓ ઘર આંગણે કોલ કરીને મેળવી શકાશે.

● વીજબીલમાં નામબદલી ● વીજજોડાણનાં સ્થળમાં ફેરફાર ● વીજભારમાં સુધારો ● નવા વીજજોડાણની અરજી ● વીજબીલની ચુકવણી

આપની સેવા માં હરહંમેશ હાજર
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

**સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસન**

જાહેર બાંધકામ વિભાગ – દીવ

**ટેન્ડર આમંત્રિત કરવાની સુચના**

દીવ જિલ્લામાં દીવથી ઘોઘલા સુધીના મુખ્ય પુલ માટે EPC સ્ટેજ DPR રિપોર્ટ, સર્વે, ડિઝાઇન ડ્રોઇંગ અને અંદાજ, DTP તૈયાર કરવા માટે કન્સલ્ટન્સી સેવા પૂરી પાડવી.

For details please scan
https://ddtenders.gov.in
eepwd-diu-dd@nic.in
02875-252294

| | | |
|---|---|---|
| ટેન્ડર સુચના નં. તથા ઓળખ નં. | : | 27/2025-26 (2026_DIUDT_4584_1) |
| પ્રી-બીડ મીટીંગ ની તારીખ | : | 16/01/2026 |
| ડાઉનલોડ ની છેલ્લી તારીખ | : | 28/01/2026 |
| ઓનલાઇન સબમીટ છેલ્લી તારીખ | : | 28/01/2026 |
| બીડ ખોલવાની તારીખ | : | 28/01/2026 |

કાર્યપાલક અભિયંતા, લોક નિર્માણ વિભાગ, નિર્માણ વિભાગ-૨, દીવ.

No. IP/DMN/2/5/2025-26/1078, Dated: 09/01/2026

**સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ પ્રશાસન**

જાહેર બાંધકામ વિભાગ – દીવ

**ટેન્ડર આમંત્રિત કરવાની સુચના**

NH-251 ને ક્રિમીથી મજબૂત અને પહોળું કરવું. દીવમાં 11.000 થી Km.22.770 (બેલેન્સ વર્ક) (EPC મોડ પર).

For details please scan
https://ddtenders.gov.in
eepwd-diu-dd@nic.in
02875-252294

| | | |
|---|---|---|
| ટેન્ડર સુચના નં. તથા ઓળખ નં. | : | 26/NH-251 (2025_MoRTH_891079) |
| પ્રી-બીડ મીટીંગ ની તારીખ | : | 06/01/2026 |
| ડાઉનલોડ ની છેલ્લી તારીખ | : | 05/02/2026 |
| ઓનલાઇન સબમીટ છેલ્લી તારીખ | : | 05/02/2026 |
| બીડ ખોલવાની તારીખ | : | 06/02/2026 |

કાર્યપાલક અભિયંતા, લોક નિર્માણ વિભાગ, નિર્માણ વિભાગ-૨, દીવ.

No. IP/DMN/2/5/2025-26/1077, Dated: 09/01/2026

વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

આલોક અને ડેમોસા કંપનીના કામદારો કોંગ્રેસના શરણે

# વાંસદાના ધારાસભ્ય અનંતભાઈ પટેલની આગેવાનીમાં આક્રોશ રેલી યોજી પારડી પ્રાંતને આવેદનપત્ર આપ્યું

**પાંચ દિવસમાં નિકાલ નહીં આવે તો ધરણા પ્રદર્શનની ઉચ્ચારેલી ચીમકી**








**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા. ૦૯**

વલસાડ જિલ્લામાં આવેલ મોરાઈ ખાતેની આલોક ઈન્ડસ્ટ્રીઝ તથા ગુંદલાવ ખાતે આવેલ ડેમોસા કેમિકલ પ્રાઈવેટ લિમિટેડના કામદારો એમને થઈ રહેલ અન્યાયના મુદ્દાને લઈ પોતાને ન્યાય મળે તે માટેની લડાઈ લડી રહ્યા છે. કંપનીના યુનિયન તથા કામદારો પ્રથમ શાસક પક્ષના વલસાડ, પારડીના ધારાસભ્ય તથા સાંસદશ્રીઓ પાસે જઈ રજૂઆત કરવા છતાં એમના તરફથી કોઈ સહારો, આશ્વાસન કે સહાય ન મળતા આ બંને કંપનીના કામદારો તથા યુનિયને કોંગ્રેસના શરણે જવું પડ્યું હતુ અને ત્યારથી જ વાંસદાના ધારાસભ્ય શ્રી અનંતભાઈ પટેલની આગેવાની હેઠળ તેઓ કંપની સાથે પોતાને થયેલ અન્યાય માટેની લડત લડી રહ્યા છે.

વાપી ગુંદલાવ જેવા સ્થળોએ રેલી યોજ્યા બાદ આજરોજ તા.૦૯-૧-૨૦૨૬ના રોજ ત્રીજી રેલી પારડી ઓવરબ્રિજથી મામલતદાર કચેરી ખાતે યોજી પ્રાંત સાહેબ શ્રી નીરવભાઈ પટેલને વિવિધ પ્રશ્નોની રજૂઆત કરી આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ અને જો આ આવેદનપત્ર દ્વારા પાંચ દિવસમાં કોઈ નિકાલ ન આવે તો કલેક્ટરશ્રીને આવેદનપત્ર આપી ધરણા પ્રદર્શન કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

કંપનીમાં કામ કરતા કામદારોએ (૧) કામકાજના સમય દરમિયાન કોઈ ઈજા કે મૃત્યુ થાય તો તેમના પરિવારજનોને યોગ્ય વળતર આપવામાં આવે. (૨) મહિલા કામદારોનો સમય ૧૧:૦૦ વાગેથી ૭:૦૦ વાગ્યા સુધીનો હોય તે બદલી અગાઉના સમય પ્રમાણે ૭ થી ૩ રાખવામાં આવે. (૩) પાર્કિંગ, કેન્ટીન તથા ટોઈલેટની સુવિધા કરવામાં આવે. (૪) કંપની તથા કોન્ટ્રાક્ટ પર કામ કરતા કામદારોના પગાર વચ્ચે ખૂબ તફાવત હોય આ તફાવત દૂર કરી સમાન પગાર ધોરણ આપવામાં આવે. (૫) જેઓ ઘણા વર્ષોથી કામ કરી રહ્યા છે તેઓને કાયમી કરવામાં આવે અને ૬. વિવિધ પ્રશ્નોને લઈ વાચા આપતા કામદારોને છૂટા કરેલ હોય આવા કામદારોને ફરીથી કંપનીમાં લેવામાં આવે જેવી માંગણીઓને લઈ છેલ્લા કેટલાક સમયથી આ કંપનીના કામદારો પોતાની માંગણી સંતોષાય તે માટેની લડાઈ લડી રહ્યા હોય અને તેમની સાથે કોંગ્રેસ પણ તેમને સાથ આપી રહ્યું હોય આ કામદારો અને કંપની વચ્ચેની લડાઈ ક્યાં સુધી ચાલશે એ આવનારો સમય જ બતાવશે.

આજની આ રેલીમાં વાંસદાના ધારાસભ્ય શ્રી અનંતભાઈ પટેલ, પારડી તાલુકા કોંગ્રેસ પમુખ શ્રી સતિષભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી કુંજાલીબેન પટેલ, પારડી શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રી બિપીનભાઈ પટેલ, પારડી શહેર કોંગ્રેસ મહામંત્રી કપિલ હળપતિ સહિત કામદાર યુનિયન નેતાઓ તથા પંદરસોથી વધુ કામદારો તથા તેમના પરિવારજનો ઉપસ્થિત રહી આજની આ રેલી સફળ બનાવી હતી.

# વાપીમાં મકરસંક્રાતિ દરમિયાન પ્રતિબંધિત ચાઈનીઝ દોરી વેચાણ અંગે પોલીસે પતંગ સ્ટોલોમાં ચેકીંગ કર્યું





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

અગામી તા.૧૪મી જાન્યુઆરીના રોજ મકરસંક્રાતિનો તહેવાર છે. આ તહેવારમાં પતંગ લોકો હોશે હોશે ઉડાડે છે. પરંતુ પતંગ કપાઈ ના જાય તે માટે પતંગ રસીયાઓ ચાઈનીસ દોરીનો ઉપયોગ કરે છે. આ દોરી જીવલેણ બનતી હોવાથી સરકારે વેચાણ માટે પ્રતિબંધિત જાહેર કરી છે. તેથી વાપી જી.આઈ.ડી.સી.પોલીસ દ્વારા વિવિધ વિસ્તારોમાં કાર્યરત હંગામી પતંગ સ્ટોલો ઉપર સઘન ચેકીંગ કાર્યવાહી કરી હતી. ચાઈનીસ દોરી વેચાણકર્તા વેપારીઓ સામે દંડનીય કાર્યવાહી કરવા સુધીના પગલાં ભર્યા હતા.

જિલ્લા કલેક્ટર દ્વારા તાજેતરમાં એક ખાસ જાહેરનામું પ્રસિદ્ધ કરીને ચાઈનીસ દોરી વેચાણ ઉપર પ્રતિબંધ જાહેર કર્યો છે. તે અન્વયે પોલીસે જાહેર હિત અને સલામતિ માટે જી.આઈ.ડી.સી.ગુંજન વિસ્તારોમાં કાર્યરત હંગામી પતંગ સ્ટોલ ઉપર સઘન ચેકીંગ કાર્યવાહીની ડ્રાઈવ ચલાવી હતી.ચાઈનીસ દોરી કોઈપણ ઈસમના ગળે કે શરીરે વિટળાઈ જાય તો જીવલેણ બનતી હોય છે. પતંગ રસીયા પોતાનો પતંગ કપાઈ ના જાય તે માટે ચાઈનીસ દોરા વાપરવાનો આગ્રહ રાખે છે તેથી ખાનગી રહે ચાઈનીસ દોરી વેચાણ પણ થતું હોય છે. તેથી પોલીસે ચાઈનીસ દોરી વેચાણ અટકાવવા માટે ચેકીંગ કાર્યવાહી હાથ ધરી હતી.

# વલસાડ જિલ્લા સેવા સદન-૧ની ડીમોલેશન કાર્યવાહીમાં ભીત ધરાશયી: બે પોકલેન બ્રેકર મશીનને નુકસાન થયું

**ડિમોલેશન કાર્યવાહી દરમિયાન આસપાસ કોઈ હતુ નહીં તેથી કોઈને જાનહાની કે ઈજા પહોંચી નથી**






**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

વલસાડમાં આજે શુક્રવારે સવારે જિલ્લા સેવા સદન-૧ની ડિમોલિશન કાર્યવાહી રાબેતા મુજબ ચાલી હતી. તે દરમિયાન ગંભીર અકસ્માત સર્જાયો હતો. ડિમોલિશન કાર્યવાહી દરમિયાન દિવાલ ધરાશાયી થઈ હતી. તેથી કામગીરી કરી રહેલ બે પોકલેન મશીનોને સારું એવું નુકસાન થયું હતું. દિવાલ પડવાની ઘટનાને લઈ સેવા સદન વિસ્તારમાં હડકંપ મચી જવા પામ્યો હતો.

જિલ્લા સેવાસદન-૧ના નવિનીકરણ અંગે કલેક્ટર ઓફિસ કંપાઉન્ડમાં ડિમોલિશન કામગીરી આજે રાબેતા મુજબ શરૂ થઈ હતી. ત્યારે અચાનક દિવાલ ધરાશાયી થતા ચોમેર ગભરાટ ફેલાઈ જવા પામ્યો હતો. કામગીરી દરમિયાન સદ્‌નસીબે આજુબાજુમાં કોઈ હતુ નહીં. તેથી મોટી દુર્ઘટના ટળી હતી.

અલબત દિવાલ ધરાશાયી થઈ તેમાં કામગીરીમાં જોતારાયેલા બે પોકલેન બ્રેકર મશીનો નુકસાનગ્રસ્ત થયા હતા. દિવાલ પડવાની ઘટનાને લઈ કલેક્ટર ઓફિસ જિલ્લા સદન કમ્પાઉન્ડમાં હડકંપ સાથે ભયનો માહોલ છવાઈ ગયો હતો.

# ભિલાડ રેલવે અંડરબ્રિજની કામગીરી ફરી શરૂ

**ભાજપા તાલુકા સંગઠન પ્રમુખ નિરવ શાહની વારંવારની રજૂઆત બાદ સાંસદ ધવલભાઈ પટેલે રેલવે વિભાગેને ભિલાડ અંડરબિજની કામગીરીમાં પ્રાથમિકતા આપવાની પાડેલી ફરજ**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૦૯**

ઉમરગામ તાલુકામા રોડ અને પીવાના પાણી અને પ્રદૂષણની સમસ્યાનો ભરમાર છે અને બીજી તરફ ધારાસભ્યશ્રી રમણભાઈ પાટકર ઉદ્યોગપતિઓના માનીતા છે જેથી એમના માટે જનતાની સમસ્યાને નજર અંદાજ કરવી મજબૂરી છે. બે દિવસ પહેલા એસઆઈએના સભાખંડમાં એક કાર્યક્રમમાં એમના પ્રવચન દરમિયાન સત્યને ઉજાગર કરતા પત્રકારોને ખોટા સાબિત કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા એ આપણી કમનસીબી છે. ઉમરગામ તાલુકાની પ્રજાને યુવા, હોશિયાર અને શિક્ષિત જેમને પ્રજાની સમસ્યાને વાંચા આપવામાં તત્પર છે એવા સાંસદશ્રી ધવલભાઈ પટેલની ઉમરગામ તાલુકાની મુલાકાતના અભાવે લાભ મળી શકતો નથી.

ઉમરગામ તાલુકાની સમસ્યાઓમાંથી એક સમસ્યા ભિલાડ અંડરબ્રિજની છે જેનાથી વાહન ચાલકો લાંબા સમયથી તોબા પોકારી રહ્યા છે. આ કામગીરીને કોઈને કોઈ ગ્રહણ નડતું રહે છે પરંતુ ભાજપા તાલુકા સંગઠન પ્રમુખ ડો. નિરવ શાહે આ કામગીરી વહેલી તકે પૂર્ણ થાય એના માટે સાંસદ શ્રી ધવલભાઈ પટેલને લેખિત અને મૌખિક વારંવાર રજૂઆત કરી રહ્યા છે. આ રજૂઆતના પગલે સાંસદશ્રી ધવલભાઈ પટેલે રેલવે વિભાગને આ કામગીરીને પ્રાથમિકતા આપી વહેલી તકે પૂર્ણ કરવા સુચના આપેલી છે.

આજરોજ રેલવે અંડરપાસની લાંબા સમયથી અટવાયેલી કામગીરી ફરી શરૂ થવાની દિશામાં મહત્વપૂર્ણ પ્રગતિ થઈ છે. કામગીરી અટકવાનું મુખ્ય કારણ ગડરોની કામગીરી પૂર્ણ થયા બાદ ખસેડવાના બાકી હતા. જેમને નવસારી ખાતે ખસેડી જગ્યા ખુલ્લી કરવામાં આવી હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. જેના કારણે ટ્વીન બોક્સ સુધીના અંદાજે ૧૨૦ મીટર રસ્તાની જગ્યા સંપૂર્ણ રીતે ખુલ્લી પડતા કામને ગતિ આપવા માટે ખાનગી સર્વેયર દ્વારા ગત બે દિવસમાં ૧૨૦ મીટર માર્ગ માટે સેન્ટર માર્કિંગનું કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. ત્યારબાદ રેલવે અધિકારીઓએ સ્થળ પર તાત્કાલિક તપાસ કરી સેન્ટર માર્કિંગને મંજૂરી આપી છે.

આ મંજૂરી બાદ કોન્ટ્રાક્ટર દ્વારા તા.૧૦ જાન્યુઆરીથી અંદાજિત ૧:૨ સ્લોપ મુજબ ટ્વીન બોક્સ સુધીની કામગીરી શરૂ કરવામાં આવશે. તેમજ ઉપરોક્ત કામગીરીને ઝડપભેર આગળ વધારી હોળી પહેલા પૂર્ણ થાય એવા પ્રયાસો હાથ ધરવામાં આવશે એવી માહિતી પ્રાપ્ત થવા પામી છે.

# વાપી ચલા ચેક પોસ્ટ પાસેથી પોલીસે મહારાષ્ટ્ર પાસીંગની કારમાં ભરેલો દારૂનો જથ્થો ઝડપ્યો: રૂા. ૭.૮૮ લાખનો મુદ્દામાલ જપ્ત



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા. ૦૯**

વાપી ટાઉન પોલીસ દારૂની હેરાફેરી અટકાવવા માટે હાથ ધરેલી ઝુંબેશ દરમિયાન ગતરોજ વાપી ચલા ચેક પોસ્ટ પાસેથી મહારાષ્ટ્ર પાસીંગની કારમાં ભરેલા દારૂનો જથ્થા સાથે બે આરોપી ઝડપ્યા હતા.

ચલા ચેકપોસ્ટ પાસેવાહન ચેકીંગ દરમિયાન દમણ તરફથી આવી રહેલ કાર નં. એમએચ-૦૨-એફએક્સ-૯૫૬૧ શંકાસ્પદ જણાતા પોલીસે ચેકીંગ કર્યુ હતું. જેમાં કારમાં ભરેલી વિદેશી દારૂ અને બીયરની ૯૩૬ નંગ બોટલ મળી આવી હતી. તેથી પોલીસે કારચાલક ભરતકુમાર યાદવ અને તેની સાથે રહેલ દિનાનાથ યાદવ નામના બે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. કારમાં રહેલ દારૂ બિયરનો જથ્થો કિંમત રૂા.૨.૮૮ લાખ તથા કાર મળી પોલીસે ૭.૮૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમજ જથ્થો ભરાવનાર શંકર પંચમસીંગ યાદવને પોલીસે વોન્ટેડ જાહેર કરીને તેની સામે પોલીસ કાર્યવાહી હાથ ધરી છે. કાર્યવાહીથી દારૂના બુટલેગરોમાં ફફડાટ પ્રસરી ગયો હતો.

# વલસાડ ઈસ્ટ યાર્ડમાં રેલવે ક્વાટરમાં અચાનક ભીષણ આગ લાગતા દોડધામ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

વલસાડ ઈસ્ટ રેલવે યાર્ડમાં ધોબીઘાટની સામે બંધ પડેલી રેલવે ક્વાટરમાં આજે શુક્રવારે ૧૦ વાગ્યાના સુમારે અચાનક આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. પાલિકાની ફાયર બ્રિગેડ ટીમે ઘટના સ્થળે પહોંચીને થોડી જહેમત ઉઠાવી આગ ઉપર કાબૂ મેળવ્યો હતો.

વલસાડ ઈસ્ટ રેલવે યાર્ડમાં ક્વાટર નં. ૭૩૪-એ જે બંધ હાલતમાં હતું છતાં પણ આજે કોઈ અગમ્ય કારણોસર ક્વાટરમાં આગ લાગી હતી. તેથી એક્ઠા થયેલા લોકોએ પાલિકા ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર બ્રિગેડે ઘટના સ્થળે પહોંચી તુરંત આગ બુઝાવી દીધી હતી. પરંતુ બંધ ક્વાટરમાં આગ કેવી રીતે લાગ્યું તેનું કારણ અકબંધ રહ્યું છે. ઘટનાનું જમા પાસુ એ રહ્યુ છે ક્વાટર બંધ હોવાથી કોઈ જાનહાની કે અન્ય અપ્રિય ઘટના ઘટી નહોતી. આગના બનાવને લઈ આજુબાજુમાં ઉત્તેજના ફેલાઈ જવા પામી હતી.

# વલસાડ જિલ્લા સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ એસોસિએશન દ્વારા વાપીમાં ૧૮ જાન્યુઆરીએ વાઈબ્રન્ટ સ્ટ્રીટ ઈવેન્ટ 'એડ્યુવોક' યોજાશે

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૯**

વલસાડ જિલ્લા સ્કૂલ એસોસિએશન દ્વારા વાપીમાં પ્રથમ વખત ૧૮મી જાન્યુઆરીના રોજ વાઈબ્રન્ટ સ્ટ્રીટ ઈવેન્ટ એડ્યુવોકનું શાનદાર આયોજન થવા જઈ રહ્યું છે.આ ઈવેન્ટમાં વલસાડ જિલ્લાની ૫૦ જેટલી શાળા એક મંચ ઉપર આવી રહી છે જે એક ઐતિહાસિક એક્તાની બાબત બની રહેશે. વાપી જીઆઈડીસી ગુંજન રેમન્ડ સર્કલથી ઓપન હાઉસ ખાતે આ ઈવેન્ટનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

વલસાડ જિલ્લા સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ એસોસિએશનના પ્રમુખ ડો.અલ્પાબેન કોટડીયા અને મહામંત્રી ડો.મિત્તલબેન ધાખડાના જણાવ્યા પ્રમાણે આ એક વાઈબ્રન્ટ સ્ટ્રીટ ઈવેન્ટ છે. એડ્યુવોકનો પરિચય આપતા તેમણે જણાવ્યું કે, સર્જનાત્મકતાની સમુદાય સાથે મળીને ઉજવણી કરવી એ મુખ્ય હેતુ છે.

એડ્યુવોક એક રમતિયાળ શેરી કાર્યક્રમ છે, જ્યાં વિદ્યાર્થીઓ સર્જનાત્મકતા, મનોરંજન અને શીખવાનો આનંદ માણવા માટે ભેગા થાય છે, રંગબેરંગી ઝોનમાં વિભાજિત આકર્ષક પ્રવૃત્તિઓ દ્વારા, સહયોગ અને ઉત્સાહને પ્રોત્સાહન આપે છે. જેમાં

ભારતીય સાંસ્કૃતિક નૃત્ય, નુક્કડ ડ્રામા, શારીરિક તંદુરસ્તી માટે યોગાસન તથા અન્ય શેરી રમતો, પ્રાચીન રમતોનો સમાવેશ થાય છે. આ ઈવેન્ટમાં વલસાડ જિલ્લા સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ એસોસિએશનની સભ્ય એવી ૧૧૫ સ્કૂલ સામેલ છે. જે પૈકી ૫૦ શાળાઓના શિક્ષક વિધાર્થીઓ સક્રિય રીતે ભાગ લેશે. આ ઈવેન્ટ એસોસિએશનની એક્તા અને સંગઠિતતાનો આધાર બની રહેશે.

# કાવ્યાનુભૂતિ

## ના હોય

*પંખીને કદી સરહદ ના હોય,*
*ને આ ચાહતને હદ ના હોય.*

*વરસે એ તો સદા અનરાધાર,*
*લાગણીઓને વધ-ઘટ ના હોય.*

*જાણે માત્ર ડૂબી જવાનું ભીતર,*
*પ્રીતસાગરને કદી તટ ના હોય.*

*માણી લેવાની હરપળ તમન્ના,*
*પામી લેવાની કદી હઠ ના હોય.*

*પ્રીતની એક આ ભાવના ઊંચેરી,*
*એકલાનો જ જ્યાં મત ના હોય.*

*દઈને પોતીકું હૃદય હારી જવાનું,*
*જીતી જવાની કદી રટ ના હોય.*

*સમર્પિત થઈ ચાહતમાં જીવવાનું,*
*દંભ, દેખાડો અને કદી વટ ના હોય.*




પટેલ પદ્માક્ષીબેન મનિષભાઈ
(પ્રાંજલ)
વ્યવસાય: પ્રાથમિક શિક્ષક,
પારડી કન્યાશાળા નં-૧,
કિલ્લા: પારડી જિ વલસાડ
અભ્યાસ : પી.ટી.સી.,
એમ.એ બી.એડ.


આ કવિતા નિષ્કામ, નિર્ભેળ અને સમર્પિત પ્રેમની ઊંડી વ્યાખ્યા કરે છે. કવિ કહે છે કે સાચી ચાહત પંખી જેવી સ્વતંત્ર હોય છે. જેમ પંખીને કોઈ સરહદ બાંધતી નથી, તેમ પ્રેમને પણ કોઈ સીમા કે મર્યાદા બાંધતી નથી. પ્રેમ હદમાં બંધાતો નથી; તે સ્વાભાવિક રીતે વહેતો રહે છે.

આ પ્રેમ લાગણીઓની અનરાધાર વરસાદ સમાન છે, જેમાં ગણતરી, તોલમાપ કે વધઘટ નથી. જ્યાં સાચો પ્રેમ હોય, ત્યાં ''કેટલું આપ્યું'' અને ''કેટલું મળ્યું'' એની હિસાબી વિચારણા થતી નથી. લાગણીઓ સંપૂર્ણ સ્વરૂપે વ્યક્ત થાય છે.

કવિ પ્રીતને સાગર સાથે સરખાવે છે. એવો સાગર જેમાં ડૂબી જવાની તૈયારી હોય છે, પરંતુ કિનારો શોધવાની ઈચ્છા નથી. અર્થાત્ પ્રેમમાં સલામતી કે સ્વાર્થની ચિંતા નહીં, માત્ર સંપૂર્ણ રીતે લયબદ્ધ થવાનું સાહસ હોય છે.

દરેક પળને માણવાની ઈચ્છા હોય છે, પરંતુ કશું જ જબરદસ્તીથી પામી લેવાની હઠ નથી. પ્રેમ અધિકાર નથી, પણ સ્વીકાર છે. તે ધીરજ અને સમજણથી જીવાય છે, હઠ અને આગ્રહથી નહીં. આવી પ્રીત એક ઊંચી ભાવના છે, જેમાં એકતરફી મત કે અહંકાર માટે જગ્યા નથી. અહીં 'હું' નહીં, 'અમે'નો ભાવ છે. પ્રેમમાં પોતાની જીત મહત્વની નથી; પોતાનું હૃદય આપી દેવામાં. એટલું જ નહીં હારી જવામાં સંતોષ છે. જીતવાની રટ કે પ્રશંસા મેળવવાની ઈચ્છા અહીં અપ્રાસંગિક બની જાય છે. અંતમાં કવિ કહે છે કે સાચો પ્રેમ સમર્પણથી જીવાય છે. તેમાં દંભ, દેખાડો કે ખોટો વટ નથી. પ્રેમ સ્વચ્છ, સરળ અને સચ્ચાઈભર્યો હોય છે. અને એ જ એની સૌથી મોટી મહાનતા છે.

આ કવિતામાં નિષ્કપટ પ્રેમની ઊંચી ભાવના રજૂ થાય છે. સાચી ચાહત પંખીની જેમ સરહદવિહોણી હોય છે, તેમાં હદો, માપદંડો કે હઠ નથી. પ્રેમ લાગણીઓની અનરાધાર વરસાત છે, જેમાં ડૂબી જવાની તૈયારી હોય છે, પણ કિનારા શોધવાની જરૂર નથી. એમાં માલિકીભાવ, જીતવાની લાલસા કે દેખાડો નથી. માત્ર સમર્પણ છે. પોતાનું હૃદય આપી દેવામાં જ આનંદ છે, અને એ જ સાચી પ્રીતનો વટ છે.